मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું અંક ૧૨ મો

આશ્વિન

ઇ. સ. ૧૯૪૭ ૨૧ ઓકટોબર

વીર સં. ૨૪૭૩ વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૩ મું } **આશ્વિન** { વીર સં. ૨૪૭૩
અંક ૧૨ મો } { વિ. સં. ૨૦૦૩

## अनुक्रमणिका


૧. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન ... ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) ૨૮૯
૨. श्री सिद्धचक्र ही कलिकाल में कल्पवृक्ष है। ... ( રાજમલ ભંડારી ) ૨૯૦
૩. હિતોપદેશક પદ ... ... ( કવિ ભવાનભાઇ જેચંદભાઇ ) ૨૯૧
૪. પંડિત સુખલાલજીનું પ્રવચન ... ... ... ... ૨૯૨
૫. શ્રી મહાવીર જિન સ્તવન ... ... ( મુનિશ્રી રુચકવિજયજી ) ૨૯૫
૬. સમુદ્રતીરે ચર્ચા : ૨ ... ... ... ... ( મૌક્તિક ) ૨૯૬
૭. વિશ્વશાંતિનો સંદેશ ... ... ... ... ... ૨૯૯
૮. અધ્યાત્મ શ્રીપાળચરિત્ર : ૭ ... ... ... ( ચોકસી ) ૩૦૦
૯. મંત્રવિદ્યા ને ચમત્કાર : ૩ ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૩૦૪
૧૦. પ્રશ્નસિંધુ : ૨૨ ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) ૩૦૭
૧૧. યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક : ૩
( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ) ૩૦૯
૧૨. સમારંભનું મહત્વ ... ... ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૩૧૧
૧૩. વાર્ષિક અનુક્રમણિકા ૩૧૩


### લાઇફ મેમ્બરોને સૂચના.

ભેટનું પુસ્તક " **પ્રભાવિક પુરુષો** " ભાગ બીજો રવાના થઇ રહ્યું છે. જેમના ભેટ બુકના પોસ્ટેજના ત્રણ આના નથી આવ્યા તેમને છ **આનાનું** વી. પી કરવામાં આવ્યું છે. વી. પી. આવ્યેથી સ્વીકારી લેવા વિનંતિ છે.


### જૈન શારદા પૂજનવિધિ.

" જૈન " વિધિ પ્રમાણે ચોપડાપૂજન કરવું તે જ યોગ્ય છે. આ પૂજન વિધિની નકલો તદ્દન ખલાસ થઇ હતી. આ વર્ષે છપાવામાં આવી છે એટલે મંગાવીને લાભ લ્યો. વિધિમાં પ્રાચીન સ્તોત્ર અર્થ સાથે આપવામાં આવ્યું છે. શ્રી ગૌતમસ્વામીના છંદો પણ છે તો દીપાવલી જેવા શુભ દિવસે આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરો. પ્રચાર કરવા લાયક આ વિધિ છે. કિંમત છુટક **નકલનો એક આનો. સો નકલના રૂા. સાડા પાંચ.** લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું. અંક ૧૨ મો | : આશ્વિન : | વીર સં. ૨૪૭૩ વિ. સં. ૨૦૦૩


## શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

( રાગ—અભિનંદન જિન દરિસણ તરસીએ. )

ચંદ્રપ્રભદેવ સેવો સ્નેહથી, સદ્‌ગુણ રયણ ભંડાર;
ઉજ્વલ વર્ણી રે લંછન ચંદ્રનું, ચંદ્રપુરી અવતાર. ચંદ્ર૦ ૧
ભૂપ મહાસેન રાણી લક્ષ્મણા, જનક-જનની પુણ્યવંત;
દોઢસો ધનુ દેહ દશ લખ પૂર્વનું, આયુ ત્રિનાણી ભદંત. ચંદ્ર૦ ૨
પૂર્વ અઢી લાખ કુંવરપણે રહે, સાડી છ લખ પૂર્વ રાજ્ય;
દીક્ષાપર્યાય એક લાખ પૂર્વનો, ચઉનાણી વંદું પાય. ચંદ્ર૦ ૩
ચારિત્રદિનથી રે ત્રણ માસે લહ્યા, કેવલનાણ અનંત;
તીર્થ ઠવી તીર્ણ તારક સંચરે, સમ્મેતગિરિ જાણી અંત. ચંદ્ર૦ ૪
સાધુ સહસ સાથ શૈલેશી લહી, સિદ્ધ થયા શુદ્ધ ધ્યેય;
સાગર કોડી નવસો આંતરું, સુપાર્શ્વ ચંદ્રપ્રભ મધ્ય. ચંદ્ર૦ ૫
પુણ્યે લહીએ ચંદ્રપ્રભ સેવના, પ્રકટાવે નિજ રૂપ;
નેમિસૂરિ **પદ્મ** અષ્ટમ દેવને, સેવે થઇ સિદ્ધરૂપ ચંદ્ર૦ ૬

—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી

# श्रीसिद्धचक्र ही कलिकाल में कल्पवृक्ष है।

卐

सब चक्रो में सिद्धचक्र ही कल्पवृक्ष है कहलाया।
चक्र सुदर्शन से तो, शत्रुजन का शीश है कटवाया ॥ १ ॥

सर्व शिरोमणी अरिहन्त प्रभुने, सर्व अरि को नसवाया।
सर्व अरि का अन्त होने से, सिद्धप्रभु वह कहलाया ॥ २ ॥

अरिहन्त सिद्ध के पद अनुगामी, सूरिवर है महाराया।
पाठक मुनि इनके अनुयायी, पंचपरमेश्वर कहलाया ॥ ३ ॥

दर्शन ज्ञान चारित्र तप उत्तम, धर्म विश्व में सुखदाया।
आत्मलब्धि का यही विकाशक, सिद्धचक्र यह कहलाया ॥ ४ ॥

बारह आठ छत्तीस गुण पच्चीश, सत्तावीस है फलदाया।
यह एकसो आठ गुणों का स्मरण, महाप्रभाविक बतलाया ॥ ५ ॥

कलिकाल में सिद्धचक्र यह, कल्पवृक्ष सम फलदाया।
चिन्तित चिन्तामणि कहलाता, चिन्ता नष्ट कराया ॥ ६ ॥

सब योगों में सिद्धयोग ही, यह ज्ञानीने बतलाया।
सत्य श्रद्धा सद्भाव से भक्ति, सर्व उपद्रव हटवाया ॥ ७ ॥

निराश हुवे है जो जीवन में, वह भी आशा घन पाया।
सती शिरोमणि मैनासुन्दरी, कुष्ट रोग भी हटवाया ॥ ८ ॥

अनेक आत्माने अनुभव से, महाप्रभाविक बतलाया।
तीर्थंकर जैसी पदवी इससे, अनेक आत्मा है पाया ॥ ९ ॥

चैतर आसो मास आराधन, करना इसका बतलाया।
शुद्धभाव से कलिकाल में सिद्धचक्र, यह कल्पवृक्ष है कहलाया ॥१०॥

राजमल भंडारी—आगर ( मालवा )

卐

# હિતોપદેશક પદ.

( મને મળ્યો મનુષ્ય અવતાર માંડ કરીને રે. )

તેં કરી નહીં કાંઇ કમાઈ, મનુષ્ય જન્મ પામી રે;
તને પૂછશે પરભવ મોઝાર, પરમાધામી રે;
તને મળ્યા જિનેશ્વર આજ, મન વિસરામી રે;
**માટે પાળો ધર્મ આચાર.** ૧

કોણુ છો ને તું કયાંથી આવ્યો ? તેનો કરી લે વિચાર;
લક્ષ ચોરાશી ફેરા ફર્યો પણુ, તોય ન આવ્યો પાર.
નરકના ગામી રે. તેં કરી નહીં૦ ૨

આ રે કાચી કાયાનો ભરોસો, કરવો નહીં લગાર;
જેવો સંધ્યાનો રંગ સોનેરી, વિણુસતાં નહી વાર.
નક્કી નકામી રે. તેં કરી નહીં૦ ૩

પરમાધામી પૂછશે તુજને, કેવો પાળ્યો આચાર ?
સુકૃત વિણુ શું જવાબ દેશો ? મૂંગે મોઢે ખાશો માર.
મસ્તક નામી રે. તેં કરી નહીં૦ ૪

વૈતરણીની વેદનમાંહે, પડ્યો કરીશ પોકાર;
રૌ રૌ નર્ક દુઃખ નજરે જોતાં, પસ્તાશો અપરંપાર.
જોજો અંતરજામી રે. તેં કરી નહીં૦ ૫

માંડ માંડ કોઇ પુન્યને યોગે, મળ્યો મનુષ્ય અવતાર;
શ્રાવકને આ ઉત્તમ કુળે, સમકિત ફરશ્યું શ્રીકાર.
સેવો શિવગામી રે. તેં કરી નહીં૦ ૬

મારું તારું કરતાં મુદત આવશે, કાળચક્ર છે તૈયાર;
હાથમાં આવેલો હીરો ગુમાવી, આખર ખાશો માર.
ખરેખર ખામી રે. તેં કરી નહીં. ૭

બાર વ્રત અંગીકાર કરીને, સમજો ધર્મનો સાર;
**ભવાન** કહે અરિહંતને સેવો, નોધારાના આધાર.
છે જગસ્વામી રે. તેં કરી નહીં૦ ૮

**કવિ ભવાનભાઇ જયચંદભાઇ-વરલ.**

# પંડિત સુખલાલજીનું પ્રવચન

ભાવનગરને આંગણે ભાદરવા શુદિ ૧૩ ના રોજ ઉજવાએલ શ્રી વિજયધર્મસૂરિ સાહિત્યચંદ્રક–સમર્પણ પ્રસંગે પંડિત સુખલાલજીએ આપેલ પ્રવચનનો મહત્ત્વનો ભાગ.

મેં સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચારો કર્યાં છે તે કરતાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની વ્યાપક દૃષ્ટિએ કાંઇક વધારે વિચારો કર્યાં છે. અથવા એમ કહો કે એવા વિચારો મારે કરવા પડ્યા છે. એને લીધે મેં જૈન–જૈનેતર સમાજમાં ચાલતી અનેક સંસ્થાઓમાં અપાતા ધર્મ તત્ત્વજ્ઞાન વિષયક શિક્ષણ અને તેના પાઠ્યક્રમનું થોડું પરિશીલન પણ કર્યું છે. મને અનુભવે લાગ્યું છે કે આપણે ત્યાં અપાતું ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ બહુ જ સંકુચિત દૃષ્ટિથી તેમજ અયોગ્ય હાથે અયોગ્ય રીતે અપાય છે. પરિણામે એવું શિક્ષણ લેનાર આગળ જતાં જો તેજસ્વી હોય તો ધર્મ અને તત્વજ્ઞાનના શિક્ષણ પ્રત્યે અશ્રદ્ધાળુ બની જાય છે. અને જો તે મધ્યમ શક્તિનો અગર પ્રથમાધિકારી હોય તો સાવ જડ બની જાય છે. તે પોતાનું સત્ય બીજાને બુદ્ધિપૂર્વક સમજાવી નથી શકતો અને બીજાનું ગમે તેટલું સારું તેમજ સચોટ વક્તવ્ય હોય તો પણ તેને કાં તો સમજી જ નથી શકતો. અગર તે સમજવાની પરવા નથી કરતો તેથી જ્યાં દેખો ત્યાં ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણને પરિણામે નિઃસ્તેજ માસ્તરોનું જુથ નજરે પડે છે. અધ્યયન, વિચાર અને વિવેકની વધારેમાં વધારે સામગ્રીના આ જમાનામાં પણ જૈન સમાજના ધર્મ કે તત્ત્વજ્ઞાનના શિક્ષકો સાવ તેજોહીન જ દેખાય છે અને પૈસાદાર કે સત્તાધારી કે ગુરુવર્ગના રમકડાં માત્ર બની જાય છે. તેમનું ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ તેમને જ કેદમાં પૂરે છે અને સમાજ તો જ્યાં હતો ત્યાં જ રહે છે. જૂની ઢબની જે પાઠશાળાઓ ધર્મ શિક્ષકને તૈયાર કરે છે અગર જે પાઠશાળાઓ એવા ધર્મશિક્ષકોને આશ્રય આપે છે તેમજ નવી ઢબના ગુરુકુળો, બ્રહ્મચર્યાશ્રમો, છાત્રાલયો કે કોલેજો આ દિશામાં કામ કરે છે તે બધાની એકંદર ઓછે–વત્તે અંશે આ જ સ્થિતિ છે. તેમાં શિખનાર વિદ્યાર્થી હોય, શિખવનાર પંડિત, માસ્તર કે અધ્યાપક હોય તે બધા જાણે પરવશપણે અને અરુચિથી જ એ શીખવે છે એમ ગમે તે જોનાર જોઇ શકશે.

એક તરફ ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણ પ્રત્યેનો અનુરાગ આપણને હાડોહાડ વ્યાપેલો છે અને બીજી બાજુ તેવું શિક્ષણ લેનાર કે દેનાર પ્રત્યે આપણી જોઇએ તેવી બહુમાન વૃત્તિ નથી એટલું જ નહીં પણ મોટે ભાગે તો આવું શિક્ષણ લેનાર કે દેનારને આપણે તુચ્છ દૃષ્ટિથી જોઇએ છીએ. આનો પડઘો ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી અને દેનાર શિક્ષકો ઉપર પડે છે. તેઓ એક અથવા બીજી લાચારીને લીધે તેમાં પડેલ હોય છે. પણ તેઓ પોતાના મનને ચોવીસે કલાક કહ્યા કરે છે કે તું આ ચક્રમાંથી મુક્ત થા. ધર્મ તત્ત્વજ્ઞાનના શિક્ષણમાં જેમણે અનેક વર્ષો ગાળ્યાં હોય એવા અનેક

તેજસ્વીઓને મેં જોયા છે કે જે હંમેશને માટે તે ક્ષેત્ર છોડી દે છે. એટલું જ નહીં પણ પોતાની સંતતિ કે પોતાના લાગતાવળગતા કોઇને એ રસ્તે જતાં તદ્દન રોકે છે. આનું મૂળ ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ લેનાર દેનાર પ્રત્યેની આપણી તુચ્છ દૃષ્ટિમાં રહેલું છે.

મેં એક વાર એક સમર્થ સંસ્થા ચલાવનાર બહેનને કહેલું કે તમે ધર્મશિક્ષણનો જેટલો આગ્રહ રાખો છો, ઓછામાં ઓછું તેટલું બહુમાન તો ધર્મશિક્ષક પ્રત્યે રાખવું જ ઘટે. જો તમે ધર્મશિક્ષકને હાર્દિક આદરથી નહીં જોતા હો તો અગર ન જોઇ શકો તો ખરી રીતે એમાં ધર્મ શિક્ષણની હત્યા છે. જૂની પ્રણાલીમાં દોષ જોનાર નવા શિક્ષિત ગણાતા વર્ગે પોતાને આશ્રયે ચાલતાં વિદ્યાલયો કે છાત્રાલયોનાં પણ ધર્મ કે તત્ત્વજ્ઞાનના શિક્ષણ વિષે કોઇ ધ્યાન ખેંચે એવો સુધારો કર્યો નથી એ એ એક દુર્દૈવ છે. ઘણી વાર એમ જ લાગે છે કે નવ શિક્ષણ પામેલા વકીલ, સોલિસીટર, બેરીસ્ટર, ડોકટર કે વ્યાપારી એ બધા નવી સંસ્થાઓમાં ધર્મ અને તત્વજ્ઞાનનું શિક્ષણ આપે અપાવે છે, તે માત્ર તીર્થપુરોહિતની વૃત્તિ જેવું છે. એવા પુરોહિતો જે તીર્થમાં રહે તેની પવિત્રતા અને મહત્તાના ગુણગાન કરે છે તે ફક્ત યાત્રાળુઓની ધર્મશ્રદ્ધા સતેજ કરી તે દ્વારા ધન મેળવવા, કેમકે પુરોહિતો પોતે જ એ તીર્થોની પવિત્રતા ભાગ્યે જ સાચવતા હોય છે. એ જ રીતે ઘણી વાર કહેવાતી નવી સંસ્થાના સૂત્રધારો પણ ભલે ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર ધનવાનોની શ્રદ્ધાને સંસ્થાના (ધર્મ અને તત્વજ્ઞાનના શિક્ષણના નામે) હિતમાં હોવાની સદ્‌વૃત્તિથી પ્રેરાયા હોય છતાં ય તેઓ છેવટે ધર્મ અને તત્વજ્ઞાનના શિક્ષણમાં મહત્વનો કાંઇ ફેરફાર કરી શકતા નથી. અને જૂની પાઠશાળાઓની નવી આવૃત્તિ ઊભી કરતાં દેખાય છે.

વિશેષતા એ હોય છે કે જૂના પાઠશાળાના ગામડિયા કે સ્કુલી વિદ્યાર્થીઓ બંડખોર નથી હોતા, જ્યારે કોલેજ અને યુનિવર્સીટીના છાત્રો પૂરા બંડખોર હોવાથી વિદ્યાલયો કે છાત્રાલયોના સંચાલકોની પૂરેપૂરી ઠેકડી કરે છે. અને રીતે ધર્મ તત્વજ્ઞાનની વગોવણી થાય છે તેથી આ પ્રશ્ન નવેસરથી તત્કાળ વિચારણા માંગે છે.

પ્રાચીન પુસ્તકોના પ્રકાશન અને સમ્પાદનનો નાદ લાગ્યો છે તે એક રીતે સારી જ વસ્તુ છે પણ દુર્દૈવે એમ બન્યું છે કે આ ક્ષેત્રમાં કામ કરનાર મોટો ગુરુવર્ગ કે પંડિતવર્ગ એ દ્વારા સમાજ કે જ્ઞાનની કોઈ ઉન્નત ભૂમિકા સાધવાને બદલે પોતપોતાની નામના, પોતપોતાની જુદી પેઢી અને પોતપોતાના જુદા ચોકાને પોષવા ખાતર જ કચરાપટ્ટી જેવા પ્રકાશન કે સમ્પાદન કાર્યમાં સમાજની અને પોતાની સમગ્ર શક્તિનો અપવ્યય કરે છે. જ્ઞાનમાં કે વિચારમાં નવો ફાળો આપવાની વાત તો બાજુએ રહી પણ ઘણી વાર એવા ભાષાંતરો અને નવી ટીકાઓ રચાતાં છપાતાં દેખાય છે, કે જ્યાં મૂળને સમજવા માટે એક ગુરુની જરૂર હોય ત્યાં તેની સંસ્કૃત ટીકા સમજવા અનેક ગુરુની જરૂર પડે. જુદા જુદા ચોકાની સ્પર્ધા પણ એવી કે એક સાધુ અણસમજુ શ્રદ્ધાળુ શ્રાવકને અમુક ગ્રંથનું મહત્વ ઠસાવી તેની મદદ લે તો બીજો તેથીય ઉતરતા ગ્રંથનું મહત્વ તેથી ય વધારે પોતાના અણસમજુ શ્રાવકને સમજાવી તેની પાસેથી વધારે મદદ લે. આમ જ્યાં દેખો

ત્યાં પ્રકાશન સંસ્થાની અવિવેકી હરીફાઇને લીધે નથી યોગ્ય સાહિત્યનું યોગ્ય રીતે સંપાદન થતું, નથી જરૂરી નવું તત્વ દાખલ થતું કે નથી પિષ્ટપેષણ અટકતું.

ભારતીય દર્શન સાહિત્યની એક વિશેષતા જૈન સાહિત્યમાં પણ આવી છે પરંતુ તે વિશેષતા ગુણરૂપે પરિણમવા કરતાં દોષરૂપે જ વધારે પરિણમી છે. એ વિશેષતા એટલે નાના કે મોટા ગમે તે મુદ્દા પરત્વે મતભેદ. ત્યાં બીજાનું ખંડન અને પોતાનું મંડન કરવાની શૈલી. આ શૈલી માત્ર વાદરૂપ ન રહેતાં વિવાદમાં પરિણામ પામી છે. એક તો જૈન સમાજ નાનો. તેમાં ત્યાગી કે પંડિતવર્ગ તેથી ય નાનો. તેમાં વળી અનેક ફિરકા અને ગચ્છભેદો, આવા ભેદો વચ્ચે અરસપરસ નજીવા મતભેદમાંથી મોટી તકરારો અને વિવાદો ઊભા થાય એટલે એવે પ્રસંગે શિક્ષણ વખતે વારસામાં મળેલ ખંડનમંડનની શૈલી ઉગ્ર વિવાદરૂપે અને ઘણીવાર મૂર્ખામીસૂચક ચર્ચારૂપે બહાર આવે છે. જૈન પંડિતો અને જૈન ત્યાગીઓને બહુધા અંદરોઅંદર જ વાદવિવાદમાં ઉતરવું પડે છે.

બીજા બળવાન સંપ્રદાય કે દર્શનોના વિદ્વાનો સમક્ષ તેઓ ભલે ચૂપકીદી પકડે છતાં ઘણી વાર તેઓ અંદરોઅંદર આખડે છે, એવે વખતે વારસામાં મળેલ અનેકાન્તનો પ્રાણભૂત સમન્વય સિદ્ધાંત બાજુએ રહી જાય છે. અને સામસામી છાવણીઓ રચાય છે. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક, દિગંબર અને શ્વેતાંબર, તેરાપંથી અને સ્થાનકવાસી એ જ પક્ષો અંદરોઅંદર આખડતા હોત તોય બહુ ન હતું. પણ હવે તો આ ચેપ એટલે સુધી વધ્યો છે કે એક જ ફિરકાના અને એક જ ગચ્છના બે જુદા જુદા ગુરુ ધરાવનાર પક્ષો પણ તિથિભેદ જેવી બાબતમાં મહાયુદ્ધના મોરચા માંડે છે, અને સમાજમાં અલ્પાંશે જીવતું રહેલ સૌમનસ્ય અને ઐક્ય ધર્મરક્ષાને બ્હાને વેડફી નાંખે છે. માત્ર પંડિતો કે માત્ર સાધુઓ અંદરોઅંદર લડી મરતા હોત તો બહુ કહેવાપણું ન રહેત, અહીં તો બન્ને પક્ષકારો શ્રાવકગણને પણ સંડોવે છે. શ્રાવકો પણ એટલા બધા શાણા અને ઉદાર છે કે પોતાનું સમગ્ર શાણપણ અને ઔદાર્ય હીટલર તેમજ સ્ટેલીનને ચરણે ધરી દે છે. મને તો એ જ નથી સમજાતું કે જેઓ મહાવતી અને મહાશાસ્ત્રધર કે મહાવક્તા હોય તેઓને તેમનો અહિંસા અને સ્યાદ્વાદ સિદ્ધાંત આવા વિષમ પ્રસંગે સૂઝતો કેમ નહીં હોય? અગર તેમને સહાયક થતો કેમ નહીં હોય? જો ભગવાનના અહિંસા અને અનેકાન્તના સિદ્ધાંતનું સામાજિક જીવનમાં આવું દેવાળું જ કાઢવાનું હોય તો આપણે બીજા સમક્ષ કયે મોઢે તેનું મહત્વ બતાવી શકીશું એ જરા વિચારો, અને જો આપણે આ રીતે વૈમનસ્ય અને તકરારનું વિષપાન કરતા રહ્યા તેમજ એવી તકરારના મોવડીઓને માન આપતા રહ્યા તો શું આપણે એવી આશા રાખી શકીએ કે ક્યારે ય પણ જૈન સમાજના જુદા જુદા ફિરકાઓ સર્વમાન્ય સામાન્ય સિદ્ધાંત ઉપર ખરા દિલથી એક તખતા ઉપર એકત્ર થવાના? આજલગી ગમે તેમ ચાલ્યું અને નભ્યું હોય પણ હવે આ સ્થિતિ એક ક્ષણ પણ નભાવી લેવા જેવી નથી. મને આવા ક્ષુદ્ર મતભેદની મહાતકરારોનું મૂળ કારણ વિચારતાં એ લાગ્યું છે કે ધર્મક્ષેત્રને કુરુક્ષેત્ર બનાવનાર પંડિતો અને ત્યાગીઓની સામે કોઇ મહાન રચનાત્મક આદર્શ નથી. એટલે

તેમની ફાજલ પડેલ શક્તિઓ વારસામાં મળેલી ખંડન શૈલીનો આશ્રય લઇ બીજા સામે બાથ ભીડવાની અશક્તિને લીધે અંદરોઅંદર અકળાય છે અને સમાજને છિન્નભિન્ન કરી નાંખે છે. આના નિવારણનો ઉપાય એ જ છે કે તેવા વિદ્વાન ગણાતા પંડિતો અને ત્યાગીઓ, સાહિત્ય, સમાજ કે રાષ્ટ્રના કોઇ પણ નવપ્રદેશમાં પોતાનો રચનાત્મક ફાળો આપે, જ્યારે તેઓ કાંઇપણ નવસર્જન કરવા પ્રેરાયા હશે ત્યારે તેમને નકામું બોલવા, લખવા કે તકરાર કરવા જેટલી ફુરસદ નહીં રહે.

જો સમયસર નહીં ચેતે તો થોડાં જ વખતમાં તેવા વર્ગનો અને તે વર્ગના આશ્રયભૂત શાસ્ત્રનો કોઇ સમજદાર પણ ભાવ નહીં પૂછે.

ઉપરની ચર્ચા સાંભળનાર એક પ્રશ્ન જરૂર કરી શકે કે સમાજને નવસર્જનનો નવો ફાળો આપ્યાની સર્વમાન્ય કસોટી શી ?

મારો મત એ છે કે શાસ્ત્ર, શિક્ષણ, સમાજ કે રાષ્ટ્ર વિગેરે કોઈ પણ ક્ષેત્રમાં કરાયેલ સર્જક પ્રયત્નનું મૂલ્ય જો જૈનેતર સમાજમાં અંકાય અને તે જૈનેતર લોકો માટે પણ અનુકરણીય બને તો જરૂર સમજવું કે જૈનોનું એ નવસર્જન સમાજને યુગાનુરૂપ ફાળો છે.

---

# શ્રી મહાવીર જિન સ્તવન.

( ધાર તલવારની સોહિલી દોહિલી–એ દેશી. )

સેવના વીરની ખેવના પૂરવે, નિત્ય રમે અમલીમસ ચિત્ત મોક્ષે;
કાય સંપ્રર્કતા પ્રતિક્ષણ ઓસરે, દગ્ધ ભવબીજ જીવ મોક્ષ પાવે. ૧
ભિન્નગ્રન્થી લહે મોક્ષના હેતુને, યોગના નામથી જે ગવાયો;
ચિત્તમાં દેહમાં જ્ઞાન ક્રિયારૂપે, તે રહે સફલ જગ જશ સવાયો. ૨
ચિત્ત જો મોક્ષમાં ના રહ્યું તો વૃથા, તે ભણી કિરિઆ તત્ત્વથી રે;
તેહ કારણ ઇહું ચિત્ત મુજ મોક્ષમાં, સફલ કિરિઆ કરું ખંતથી રે. ૩
સકલ પરલોકની વાતમાં શાસ્ત્રને, રાખતો પ્રજ્ઞ આસન્નભવ્ય;
શાસ્ત્ર વિણુ જીવને ધર્મ કહો કિમ હુવે, લોક મોહાન્ધકારે અટે રે. ૪
પાપનાશન કહ્યું પુણ્ય કારણ વર્ણ્યું, શાસ્ત્ર સર્વાર્થસાધન ભણ્યું રે;
શાસ્ત્રભક્તિ વિના ધર્મક્રિયા સદા, અન્ધપ્રેક્ષણ ક્રિયા તુલ્ય વિફલા. ૫
લોકના ચિત્તને હન્ત આવર્જવા, જે હુવે સત્‌ક્રિયા તેહ જૂઠી;
મલિન આશયથકી મલિન જે આત્મા, તેહને સત્‌ક્રિયા લોક પંકિત. ૬
લોકપંક્તિ ત્યજી શાસ્ત્ર આદર ભજી, માર્ગની સેવના જે ગ્રહે રે;
તે ભવી આત્મમલ શીઘ્ર દૂરે કરી, નિયત નિર્વાણ રુચક લહે રે. ૭

—મુનિશ્રી રુચકવિજયજી

# સમુદ્રતીરે ચર્ચા*

**પ્રબુદ્ધ** અને ધીમાન વરલીના સમુદ્રતીરે બીજી વાર મળ્યા. આજે તેઓ વરલી પરના બગીચામાં બેઠા હતા. બન્ને ખૂબ વિચારક અને મનુષ્ય સ્વભાવના અભ્યાસી હતા. આજે તેમની ચર્ચા જૈન સમાજની વર્તમાન સ્થિતિ પર અને તેના આગેવાન કાર્યકર્તાઓ પરત્વે શરૂ થઈ. બન્ને મિત્રો જૈન સમાજની વર્તમાન જરૂરિયાતોના અભ્યાસી હતા, બન્ને અવલોકનકારનું કામ કરનારા હતા, બન્ને કોઇ સંસ્થા સાથે જોડાયા ન હતા, પણ સમાજમાં ચાલતા બનાવોથી વાકેફ રહેનારા હતા. સમાજમાં એક વર્ગ એવો છે કે જેનું કાર્ય ટીકા કે ચર્ચા જ કરવાનું હોય એમ તેઓ ધારી લે છે. સમાજ જાણે નાટક કરનાર હોય અને પોતે પ્રેક્ષકો હોય તેમ કામ કરનારાઓની નાની મોટી બાબતો પર ટીકા કરવાની કક્ષા સુધી જ તેઓ પહોંચેલા હતા. ઘરમાં ચાલતી વાતો પરથી અને કાંઇક છાપામાં વાંચેલી હકીકત પરથી તેઓ અભિપ્રાય બાંધી લેતા અને પ્રસંગ મળે ત્યારે તે પર ચર્ચા કરતા. સમાજના વિકાસને અંગે તે બન્નેમાંથી કોઇનો સક્રિય ફાળો જરા પણ ન હોતો. ધનવાન અને વિચારક અભ્યાસીઓ સમાજ પ્રત્યે આવી ટીકાકારની દૃષ્ટિવાળી વાતો જ કર્યા કરતા હોય તે વર્ગના તેઓ સભ્યો હતા.

કોઇ કોઇ રાજ્યદ્વારી ચર્ચા પણ તેઓ કરતા. કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો, સ્થાનિક નેતાઓ તેમની ચર્ચાનો વિષય બનતા અને કોઇ કોઇ વાર અર્થશાસ્ત્રના કોયડા ઉકેલવાનો પણ તેઓ પ્રયત્ન કરતા. જો કે ચર્ચા ચર્ચા ખાતર જ કરતા, પણ બન્ને સરસ અભ્યાસી અને તાર્કિક હોવાને પરિણામે ચર્ચાની જમાવટ ખૂબ થતી. માત્ર તેઓ બે જણા જ ચર્ચા કરતા, તેમાં આજે તેમનો બાળસખા દુર્લભજી તેમની સાથે થઇ ગયો.

ઘણે વખતે મળ્યા એટલે મિત્રોને ખૂબ આનંદ થયો. અરસપરસ ખૂબ રસ લઇ સમાચાર પૂછયા. પછી બન્ને મિત્રોએ દુર્લભજીને પૂછયું કે હાલમાં તે શું કરતો હતો ? દુર્લભજીએ જવાબમાં જણાવ્યું કે પોતે કોઇ મોટા શેઠ સોદાગરને ત્યાં નામું લખતો હતો, પરણ્યો હતો, સંતતિ પણ વધવા માંડી હતી અને અવારનવાર સમાજના કાર્યમાં ભાગ લેતો હતો. એ દુર્લભજી સેવાભાવી હતો. મેટ્રિક સુધી અભ્યાસ કરી સંયોગને લઇને નોકરીએ રહી ગયો હતો. સ્વયં સંતોષી હતો અને બની શકતી સેવા અનુકૂળતા પ્રમાણે કરવી એવી વૃત્તિવાળો હતો. બોલવામાં એ બટકબોલો પણ શુદ્ધ નિષ્ઠાવાળો હતો. એની સાથે ખબર અંતરના ભાવ પૂછાયા પછી જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ પર વાત ચાલી.

**પ્રબુદ્ધ**—'ભાઈ દુર્લભજી ! તું તો સમાજની સેવા કરે છે ત્યારે જણાવ તો ખરો કે આટલાં વર્ષોથી તું શું પરિણામ બતાવી શક્યો છે ? સમાજની દોરવણીમાં તેં શું ફાળો આપ્યો ? '

---

* અંક નં. ૨, લેખ સ્વતંત્ર અને સ્વયં સંપૂર્ણ છે. લેખ નં. ૧ ચાલુ વર્ષના વૈશાખ માસના અંકમાં પૃ. ૧૫૯–૧૬૧ માં પ્રકટ થયો છે.

**દુર્લભજી**—' તમારા જેવા ભણેલા માણસો આવો સવાલ પૂછે એ તો નવાઈની વાત લાગે. આપણું કામ તો સેવા કરવાનું છે; આપણે બને તે કરી છૂટવું. પરિણામ તો વર્ષો પછી જણાય. આંબા દશ વર્ષે પાકે અને રાયણ તો સો વર્ષે પાકે. તમે સમાજ-સેવામાં શો ફાળો આપો છો ? '

**ધીમાન**—'અમે તો તારા જેવા કામ કરનારાની વાતો વાંચીએ છીએ, તેની કોઈ કોઈ વાર ચર્ચા કરીએ છીએ, પણ અમે સીધું કાર્ય હજી સુધી કાંઇ કરતા નથી. '

**દુર્લભજી**—' એ તો આશ્ચર્યકારક વાત કહેવાય. તમારા જેવા ભણેલા માણસો તો સમાજને દોરવણી આપી શકે, સમાજનો આખો ઝોક ફેરવી શકે અને તમે તો કહો છો કે તમે માત્ર ચર્ચા જ કરો છો ! કોઈ ભણેલા શીખેલા માણસોનો માત્ર ટીકા કે ચર્ચા કરવાનો અધિકાર હોઇ શકે ? '

**પ્રબુદ્ધ**—' નાટક ભજવાય તેને જોનારા પણ હોવા જોઇએ, તાળીઓ પાડનારા પણ હોવા જોઇએ, ટીકાકારો પણ જોઈએ, કામ કરનારની બુઝ જાણનારા પણ જોઇએ–અને અત્યાર સુધી અમે તો નાટક જોનાર વર્ગના સભ્યો બન્યા છીએ, નાટક ભજવવામાં પડ્યા નથી એ હકીકત છે. '

**દુર્લભજી**—' નાટકમાં જોયા કરવાનો અને તાળીઓ પાડવાનો અને નાટકમાં ભાગ જરા પણ ન લેવાનો જવાબદાર માણસોનો અધિકાર ખરો ? '

**ધીમાન** ( જરા કરડાકીથી )—' જો જોનારા ન હોય તો ખેલ કરનારને મજા શી આવે ? નાટકની ફત્તેહનો આધાર જોનારની પસંદગી અને અભિપ્રાય ઉપર અવલંબે છે. નાટકની કિંમત જોનારા જ કરાવે છે. જોનારા વગર ખાલી બાંકડાઓ પાસે નાટક કરવામાં મોજ પણ શી આવે ? અને કોને આવે ? '

**દુર્લભજી**—' પણ ભાઇ ! આવી રીતે નાટકો જોવા અને ટીકા કરવી એ કામ જવાબદાર માણસનું ન હોય, એ તો કોઇ દેવદૂત કે મહાન નિરીક્ષકને જ શોભે. આપણે પ્રાકૃત જનતાના પાત્રોએ તો આપણને નાનો મોટો જે પાઠ ભજવવાનો સાંપડે તેમાં ઊતરી સક્રિય ફાળો આપવો જ ઘટે ! '

**પ્રબુદ્ધ**—' પણ આપણને પાઠ સોંપવામાં જ ન આવે અથવા પાઠ બગાડી નાખીએ તેના કરતાં દૂરથી જોયા કરીએ તો તેમાં ખોટું શું ? દરેક નાટક કરનાર હોય તો જોનાર કોણ બાકી રહે ? '

**દુર્લભજી**—' તમે તો મોટા ભણેલા રહ્યા. મને તો નાની બુદ્ધિએ સૂઝે છે કે આપણે ધારીએ તો નાનો પાઠ પણ ભજવી શકીએ, થોડું બને તે કરી છૂટીએ અને તનથી, મનથી કે ધનથી પાઠ ભજવીએ–એ વાત ઉચિત છે. આપણો બીજાના પાઠો માત્ર જોવાનો અને તે પર ટીકા કરવાનો અધિકાર નથી. '

**પ્રબુદ્ધ**—' પણ તેં મારા સવાલને ઉડાવી દીધો. આપણને પાઠ સોંપવામાં ન આવે તો શું થાય ? તેનો જવાબ તેં ન આપ્યો. બરાબર સમજીને જવાબ આપ. '

**દુર્લભજી**—'મને લાગ્યું કે એ વાત તમે માત્ર બોલવા ખાતર જ કરી હશે. પાઠ કોઇને કોઇ સોંપે જ નહિ, સોંપવાની રાહે બેસી રહેવાય જ નહિ. સમાજ વિશાળ છે, કાર્યક્ષેત્ર અમાપ છે, સમાજ સેવા માગે છે, નવ યુગ સેવા ઉપર રચાઇ રહ્યો છે. એમાં પાઠ સોંપવાનો પ્રશ્ન તો તદ્દન બેહૂદો છે. પોતાની શક્તિ, આવડત, તમન્ના અને સંયોગ વિચારી પોતાનું ક્ષેત્ર પોતે જ શોધી લેવાનું. સામાજિક કાર્યમાં અન્યની સોંપણીની રાહ જોવાની હોય નહિ.'

**પ્રબુદ્ધ**—'અને એવું ક્ષેત્ર ન જડે તો.'

**દુર્લભજી**—'ભાઈ! એ વાત જવા દો. સેવાનાં ક્ષેત્ર તો એટલા છે કે એનો અંત નથી. મેળાવડા કે સરઘસ વખતે પાણી પાવાથી કે જમણમાં સ્વચ્છતાપૂર્વક પીરસવાથી માંડીને મોટી સામાજિક સુધારણાની સંસ્થાઓ, કેળવણી વિષયક સંસ્થાઓ, લેખન, વાચન, સંભાષણ, પ્રચારકાર્ય–એવાં એવાં ક્ષેત્રોનો પાર નથી. આપણને ફાવે તેવું ક્ષેત્ર શોધી લેવું, પણ માત્ર ટીકાકારનું સ્થાન તમ જેવા ભણેલાને ન શોભે.'

**ધીમાન**—'પણ સમાજ તો ગાડરીઓ છે, મોટે ભાગે જૂડથલ છે, પૂર્વગ્રહથી ભરેલો છે, જૂના સાંપ્રદાયિક અર્થ વગરના ઝગડામાં અને કુરિવાજોથી સડી ગયેલો છે, એમાં કામ કેવી રીતે બને?'

**દુર્લભજી**—'તમારા જવાબમાં જ તમારા સવાલનો જવાબ આવી જાય છે. સંપ્રદાયના ઝગડાઓ કે ખોટા રિવાજોથી ગભરાઇ તમારા જેવા દૂર બેસે તો સમાજ આગળ ધપી જ ન શકે. સડાને સુધારવાના માર્ગો શોધો, આખા સમાજને નવા માર્ગો બતાવો અને પૂર્વગ્રહને ગ્રહ તરીકે શાંતિથી સમજાવો. ધીરજથી, ચીવટથી, વિચારસ્પષ્ટતાથી કામ લો તો તમારા જેવા તો ઘણું આપી શકે. તમારી પાસે હામ, દામ અને ઠામ છે. તમે તો સમાજનું આખું પરિવર્તન કરી શકો, પણ એ કામમાં દીર્ઘ વિચારણા, વ્યવસ્થા, ધોરણ અને ધીરજ જોઇએ. તમે તે કેળવી શકો.'

**ધીમાન**—'અને એવી યોજના ઘડીએ, રસ્તા બતાવીએ, પ્રચાર કરીએ અને છતાં સમાજ એ ઝીલે નહિ તો?'

**દુર્લભજી**—'તો સમજવું કે આપણી વિચારણામાં ખામી છે, આપણો સમાજનો અભ્યાસ અધૂરો છે, આપણે સમાજની નાડ પારખી શકયા નથી, આપણું પ્રચારકાર્ય ચાલુ વખતસરનું નથી, આપણી 'યોજનાના પાયામાં સ્ખલના છે.'

**પ્રબુદ્ધ**—'પણ તો તો આપણો પ્રયાસ નકામો જાય, શક્તિ વેડફાઇ જાય અને આપણને આઘાત લાગે અને પરિણામ શૂન્યમાં આવે.'

**દુર્લભજી**—'ત્યાં જ વિચારધારામાં ફેર પડે છે. સામાજિક કાર્યકર સાચા દિલથી સેવાભાવી કામ કરે, તેને આઘાત લાગે નહિ. એવી યોજના ખોટી પડે તો તેમાં તે પોતાની ભૂલ કે ઉતાવળ જુએ. સમાજની ઝીલવાની શક્તિની તુલના કરવાની પોતાની ખામી એ સમજી જાય અને એ ભૂલને પરિણામે એ નવા માર્ગો વિચારે. એને સમાજ

પર કદી ઘૃણા ન થાય. એ પોતાની અનુભવની કે આવડતની કચાશ સ્વીકારી લે અને એ માર્ગ બદલી નાખે. સાચા સમાજસેવકનું આ લક્ષણ છે.'

**ધીમાન**—'પણ દરેક બાબતમાં પોતાની અલ્પતા આંકવી અને સમાજ ખોટો છે એમ ચોક્કસ લાગતું હોય છતાં તેમાં પણ ઠપકાનો સ્વીકાર પોતે કરવો એ વાત તો અભિનવ છે.'

**દુર્લભજી**—'એ વાત જ બરાબર છે. પોતા પર જોખમદારી લેવી અને ભૂલ જાહેર રીતે સ્વીકારવી એ તો આ કાળના મહાન યોગીનું મુખ્ય શિક્ષણ છે અને સેવાનો પ્રથમનો પાયો છે. પોતાના જાતીય વિસ્મરણ વગર ખરી સેવા બનતી નથી અને પરિણામની કદી ચિંતા ન કરવી એ પણ એટલું જ અગત્યનું સેવાસૂત્ર છે.'

**પ્રબુદ્ધ**—'ભાઇ દુર્લભજી! તેં સાદી ભાષામાં આજે ઘણી મહત્વની વાતો કરી નાંખી છે. અમારી વિચારણાને તેં આજે એક નવો ઝોક આપ્યો છે. કોઇ કોઇવાર મળતો રહેજે. અમારે તારી પાસે સમાજસેવાના ક્ષેત્રોની કેટલીક ગૂંચવણો, ઝીણવટો અને ચાવીઓ જાણવી છે. ત્યારપછી અમને પણ નવા માર્ગો વિચારણા માટે મળશે. તારે અમારી વાત પણ સાંભળવી પડશે. કેટલાંક વેવલાં કાર્યકરોની ખોટી ધમાલ માટેના અમારા અભિપ્રાયો તારે જાણવા પડશે અને અમારા વિચારો સાથે મેળ બેસે ત્યાં ચર્ચા કરવી પડશે. આપણે જરૂર અવારનવાર મળશું.'

દુર્લભજી પ્રબુદ્ધની મોટરમાં બેઠો. ધીમાન પોતાની મોટરમાં બેઠો. મિત્રો છૂટા પડ્યા.

**મૌક્તિક**

---

**વિશ્વશાંતિનો સંદેશ**

અત્યારે હિંદ સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યું છે. ૧૫ મી ઓગસ્ટ પછી એવા ખતરનાક બનાવો બન્યા છે કે જે વાંચતાં કે સાંભળતાં કમકમાટી વછૂટે. જૈન શાસ્ત્રો આવા આપત્તિકાળે વિશેષ ધર્મકરણી કરવાનો સનાતન નિયમ દર્શાવે છે અને તેમાંય આયંબિલ તપ પ્રાધાન્ય ભોગવે છે.

આ વર્ષે ચાતુર્માસ બિરાજતા **આચાર્ય શ્રીવિજયલાવણ્યસૂરિજી** મહારાજે આ સંબંધે જનતાને ઉપદેશ આપ્યો અને તેનું ઘણું જ સરસ પરિણામ આવ્યું. આવો પ્રચાર દેશ-દેશાવરોમાં પણ થાય તે હિતાવહ છે એમ સમજી, આ વસ્તુસ્થિતિને સમજાવતી એક પત્રિકા (૧) વોરા જુઠાભાઈ સાકરચંદ (૨) વોરા ખાંતિલાલ અમરચંદ (૩) શાહ ગુલાબચંદ આણંદજી (૪) શાહ ભોગીલાલ મગનલાલ (૫) વોરા પરમાણંદ તારાચંદ અને (૬) શાહ છોટાલાલ નાનચંદની સહીથી છપાવી વિશાળ પ્રમાણમાં તેનો પ્રચાર કરવામાં આવેલ છે, જે પગલું પ્રશંસનીય તેમજ આદરણીય છે.

દરેક ગામ કે શહેરમાં વસતાં મુનિરાજો આ અશાંત પરિસ્થિતિના નિવારણાર્થે આયંબિલ તપની કરણીને આગળ ધપાવે.

# અધ્યાત્મ શ્રીપાળચરિત્ર

૭

( ગતાંક પૃષ્ઠ ૧૯૩ થી શરૂ )

પ્રસંગ–૧૩.

ધવળશેઠના અવસાન પછી એક રીતે કહીએ તો શ્રીપાળકુમારની સામે કર્મરાજ જે વિવિધ તમાશાના સર્જન કરતો હતો તે પૂરા થાય છે, કારણ કે એ સર્વમાં નિમિત્તભૂત બનનાર પાત્ર–ધવળશેઠ અદ્રશ્ય થાય છે. રાસકારે ત્યારપછીના જે રાધાવેધ, વીણાવાદન આદિના પ્રસંગો વર્ણવ્યાં છે એ મનોહર અને પગલે પગલે પુન્યનો પરચો દાખવનારા હોવા છતાં પૂર્વે જે પ્રસંગો અવલોકી ગયાં એની માફક કાયમી છાપ પાડનારા નથી. એમાં શ્રીપાળકુમાર બુદ્ધિબળના–વિદ્યાબળના અને ચતુરાઇના દર્શન કરાવે છે એ ઊઘાડી વાત છે છતાં સાહસ અને પરાક્રમ–ગાથા તો કોંકણ કાંઠે મધ્યાહ્ને પહોંચી ગઇ હોવાથી એમાં નવા ઉમેરાને અવકાશ રહેતો નથી. તેથી આપણે એ સર્વને વિહંગાવલોકનના પ્રદેશોમાં રાખી પુનઃ અવંતિનગરી તરફ પાછા વળીએ. રાસકારનો ચોથો ખંડ ત્યાંથી જ શરૂ થાય છે.

અવંતી યાને ઉજ્જૈયનીને પોતાના અતિવિશાળ લશ્કરવડે ઘેરીને રિદ્ધિ-સિદ્ધિ તેમજ સુંદરીઓના વિવિધ પરિવારવાળા રાજવી શ્રીપાળે પોતાનો ઉતારો નગરીની બહાર નવા ઊભા શોભિતા શમીઆણામાં રખાવ્યો. રાત્રિના આરંભ-કાળે તે એકાકી વિદ્યાબળે ત્યાંથી નીકળી આવી પોતાના આવાસે–જ્યાં માતા અને મયણાસુંદરીને મૂકી ગયેલ છે તે સ્થાને–આવી કમાડ આગળ ખડો થયો. એ વેળા સાસુ વહુ વચ્ચે જે વાર્તાલાપ ચાલી રહ્યો છે એ છે તો પ્રસ્તુત–સંકટ સમયે હરકોઇ વ્યાકતને સહજ ઉદ્ભવે તેવો છતાં કવિએ મયણાસુંદરીના વચ-નમાં જે દૃઢતા અને પૂર્ણશ્રદ્ધાના, નવપદજીના ધ્યાનમાં લયલીનતા અને સંધ્યા-પૂજા વેળા આવેલ ભાવના જે સચોટ દર્શન કરાવ્યા છે અને એ દ્વારા ' અમૃત ક્રિયા "નું સ્વરૂપ દાખવ્યું છે તે અજોડ છે.

પુત્રવત્સલ માતા કમલપ્રભાને પુત્ર શ્રીપાલ માટે ચિંતા થાય છે અને એ મયણાને ઉદ્દેશી કહે છે.

**ઘણા રે દિવસ થયા તાસ, વાલિમ તુજ જે ગયો દેશાંતરે જી,**
**હજીય ન આવી કાંઈ શુદ્ધિ, જીવે રે માતા દુઃખણી કિમ નવિ મરે જી.**

પણ મયણાસુંદરી એ પાછળનો વલોપાત સમજ્યા છતાં ધીરજ આપતાં, ખેદ ન કરવાની વાત કરે છે અને ' નવપદ ' ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવાનું સૂચવે છે. વિશેષમાં જણાવે છે કે—

માતાજી, આજ સાંજના પ્રભુની પૂજા કરતી વેળા કોઇ પ્રકારની ઉપમા

આપી શકાય એવો અનુપમ અનુભવ મને થયો છે. અમૃત ક્રિયાનું સ્વરૂપ ટૂંકમાં કહી આગળ વદે છે.

**' એહવો રે પૂજામાં મુઝ ભાવ, આવ્યો રે ભાવ્યો ધ્યાન સોહામણોજી,**
**હુજીય ન માયે મન આનંદ, ખિણુ ખિણુ હોયે ફુલક નિકારણોજી;**
**ફુરકે રે વામ નયન ઉરોજ, આજ મિલે છે વાલિમ માહરોજી,**
**બીજું રે અમૃત ક્રિયા સિદ્ધિરૂપ, તુરત ફલે છે તિહાં નહિ આંતરોજી. '**

આટલી સચોટતાથી કહેનાર મયણાસુંદરીનું પાત્ર બીજું મળવું દુર્લભ છે. જ્ઞાનના પૂર્ણ અભ્યાસ અને ક્રિયાની એકતારતા વિના આ ઉચ્ચાર સંભવિત નથી જ.

**' કમલપ્રભા કહે વત્સ સાચ, તાહરી રે જીભે અમૃત વસે સદાજી;**
**તાહરું રે વચન હોશે સુપ્રમાણુ, ત્રિવિધ પ્રત્યય છે તેં સાધ્યો મુદાજી.**

ત્યાં તો શ્રીપાલકુમાર બોલે છે–માતા, દ્વાર ઉઘાડજો. શ્રીપાલ ચરિત્રની આ ત્રિપુટી અને આ પ્રસંગ અન્યત્ર ન જ લાભી શકે. પ્રતિવર્ષ અવલોકાતો આ બનાવ અજીરણ નથી જન્માવતો પણ કોઇ અનોખી પ્રેરણાના પાન કરાવે છે.

× × ×

**પ્રસંગ–૧૪.**

માતા તેમજ પત્ની સહિત કુમાર પોતાના શમીઆણામાં આવે છે અને પોતાના પરાક્રમવડે મેળવેલી સંપત્તિ દેખાડે છે. સાથે આવેલી લલનાઓ સાસુજીના ચરણમાં નમે છે એટલું જ નહીં પણ સ્વામીના સર્વ સુખના નિમિત્ત કારણ સમી પોતાની મોટી બ્હેન એવી મયણાના પાદમાં પણ નમે છે. આ આખું દૃશ્ય એટલું તો ભાવવાહી છે કે એ જ્યારે જ્યારે નેત્ર સન્મુખ ખડું કરવામાં આવે છે ત્યારે આર્યભૂમિના અદ્વિતીય સંસ્કારના નિતરાં દર્શન કરાવે છે. સાચા સુવર્ણકાળની એમાં સહજ ઝાંખી થાય છે.

પ્રજાપાળ રાજન્ પાસે દૂત મોકલી શું કહેવડાવવું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કુમારની નજર મયણા પ્રતિ વળે છે. મયણા કહે છે–પિતાજી મારા શીરછત્ર છે છતાં ખભે કુહાડો ધારણ કરી આપની સમક્ષ આવે એમ કહેવડાવવું, કે જેથી પોતાની પૂર્વ કરણીની શિક્ષા મળે. ફરીથી એવું કરવા હામ ન ભીડે. આ કથનમાં લોહીના સંબંધ કરતાં પણ ધર્મદાઝ કેવી તીવ્ર છે તે જણાય છે. માલવરાજને આખરે, બળિયા સામે થવાની શક્તિ ન હોવાથી દૂતનો સંદેશ શીર પર ચડાવી આવવું પડે છે. પણ એ નજરે પડતાં જ શ્રીપાળકુમાર સામે જઇ માનપૂર્વક તેડી લાવી તેમને ઉચિત આસન પર બેસાડે છે. પ્રથમ નજરે એ ચકિત થાય છે ! ત્યાં તો મયણાને દેખે છે અને જ્યાં પ્રશ્ન કરવા જાય છે ત્યાં તો—

મયણા કહે છે—પિતાજી, ' કર્મ વશે વર તુમે દિયો, તેહનું જુઓ એ

ગુજ્જ.' આપે કર્મના નામે જેમના હાથમાં મને સોંપી હતી તેમની શક્તિ જુઓ. ત્યારે જ પ્રજાપાળને ભાન થાય છે કે આ ઘેરો કરનાર તો જમાઇરાજ શ્રીપાળ છે. સ્નેહીઓ મળે એટલે હર્ષના આંસુ આવે એમાં પણ અહીં તો મીંડામાંથી આંકડા આગળ ચાલેલા ! છતાં શ્રીપાળ તો લઘુતા રાખી કહે છે 'ગુરુ દર્શન નવપદતણો, એ છે પ્રબળ પ્રભાવ' પણ ગુરુજીનું ધ્યાન ખેંચનાર કોણ ? એ વિચારતાં જ પુત્રી મયણા પર આંખ ઠરે. 'અદ્ભુત રમણીરત્ન' એમ સહજ બોલાય. આનંદનો અવસર એટલે નગરીમાંથી રાણીઓને તેડાવી મંગાવી. સૌ સ્વજનો એકઠા મળ્યા. કુમારે બબ્બર કુળમાંથી પ્રાપ્ત થયેલી નાટક મંડળીને આનંદના આ પ્રસંગે શોભે તેવું નાટક આરંભવા હુકમ કર્યો.

× × ×

**પ્રસંગ-૧૫.**

અરે પણ મુખ્ય નટી ઊઠતી જ નથી ને !

સૂત્રધાર, જલ્દી સમજાવો એને. આવી મોંઘેરી પળો જીવનમાં કોઇકવાર જ આવે છે. ફોસલાવો–પટાવો પણ જલ્દી નાટક શરૂ કરો.

એ નટીએ આવતાં વેંત, માથા પરનું વસ્ત્ર નીચું ખેંચી જે દુહો કહ્યો તે આ રહ્યો—

'કિહાં માલવ કિહાં શંખપુર, કિહાં બબ્બર કિહાં નટ્ટ;
સુરસુંદરી નચાવિયે, દૈવે દલ વિમરટ્ટ.'

આ સાંભળતાં જ જાણે શ્રોતાવર્ગમાં એકાએક વિજળી પડી એવો અચંબો પ્રવર્તી રહ્યો. આ મુખ્ય નટીએ પૂર્વે કુમાર આગળ અનેક નાટક ભજવ્યાં હતાં અને એવી દક્ષતાથી કામ કરી બતાવ્યું હતું કે જેથી એ બહુમાનનું પાત્ર બની હતી. એને આજે એકાએક આ શું થઇ ગયું !

વચમાં સુરસુંદરીનું નામ એ શાને લાવી ?

આ તરંગો તો શ્રીપાલના મગજમાં ઉદ્ભવ્યા પણ પેલી નટી તો ઠુઠવો મૂકી, એકદમ દોડતી જઈ રાણી સૌભાગ્યસુંદરીની સોડમાં ભરાઇ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. ત્યારે જ બધાને સમજાયું કે આ તો આપણી સુરસુંદરી ! પ્રજાપાળ તો આભા જ બની ગયા !

પોતાની કુંવરીને આવા નાચ નાચવા પડે ! એ બન્યું જ શી રીતે? શંખપુરના માલિકને મેં તો સોંપી હતી ?

મયણાસુંદરી કહે–પિતાજી, હજુ પણ આપ કર્મરાજ કેવા નાચ નચવે છે એ નથી પિછાની શકતા ! બહેનને જરા ધીરી પડવા દો, એનું હૃદય હળવું બનવા દો. એ આપોઆપ વીતક કથા કહી બતાવશે.

નાટક બાજુએ રહ્યું અને સુરસુંદરીએ શંખપુરીની ભાગોળેથી પોતાના માથે સાડા સાતની પનોતી કેવી રીતે બેઠી હતી એ સર્વ ટૂંકમાં વર્ણવ્યું.

એ સાંભળતાં જ ભૂપ પ્રજાપાલનો રહ્યોસહ્યો ગર્વ ઓગળી ગયો ! કર્મના પ્રપંચ આગળ માનવ તો એક મગતરા સમાન છે. શક્તિ કે સંપત્તિનો ગર્વ કરવો એ પહેલા નંબરની મૂર્ખામી છે એમ તેને સહજ લાગ્યું.

રાસકારના આ દ્રશ્યને પૂજાકાર શ્રી વીરવિજયજીએ ચોસઠ પ્રકારી પૂજામાં જડી દીધું છે.

**' મયણા ભગિની ન રહે છાની, મળીઆ માત પિતાજી. '**

આ લીંટીમાં એમણે મુદ્દાની વાત કહી નાંખી છે. બાજી ભૂલતા આત્મા કેવી ભૂલભુલામણીના ઝોળે ચઢી જાય છે એ અહીં સુંદર રીતે બતાવ્યું છે.

આંખો સામે માત–પિતાને જોતાં જ સુરસુંદરીનું અંતર હાથ ન રહ્યું ! અરે ! રહે પણ કેવી રીતે ?

અજાણતાં ઘણુંયે કરી વાળ્યું પણ જાણ્યા પછી, સમજ્યા પછી એવી ભૂલ કેમ થાય ? બનેવી સામે હવે નાચવાના દિનો વહી ગયાં ! એવી જ રીતે સમજ્યા ત્યાંથી સવાર ગણવી. કર્મથી ચેતતા રહેવું.

આ તો જાણે ઉપરછલ્લો અર્થ. બાકી સુરસુંદરીનો હૃદય અંધકાર પણ મયણાના ભાગ્યની ચડતી કળા જોઇ ઉલેચાઇ ગયો હતો. એ દર્શાવવા રાસકારે એના મુખમાંથી નિમ્ન શબ્દો મૂકયા છે.

**' હોજી મયણાં દુઃખ તવ દેખી, નિજગુરુઅત્તણ મદ કિયો હો લાલ,**
**હોજી તે મયણાપતિ દાસ, ભાવે અબ મુજ સલકિયો હો લાલ;**
**હોજી એક જ વિજયપતાક, મયણાં સયણામાં લહે હો લાલ,**
**હોજી જેહનું શીલ સલિલ, મહિમાંયે મૃગમદ મહમહે હો લાલ.**

... ... ... ...

**હોજી મયણાંને જિન ધર્મ, ફલિયો બલિયો સુરતરુ હો લાલ.**

... ... ... ...

**હોજી મયણા નિજ કુલલાજ, ઉદ્યોતક મણિદીપિકા હો લાલ,**
**હોજી હું છું કુલમલહેતુ, સઘન નિશાની ઝીપિકા હો લાલ.**

આ ત્રણે પ્રસંગ એટલાં તો જીવંત રીતે આલેખાયાં છે કે દુનિયાના વહેવારમાં એની ઝાંખી એ રૂપે તો ન કહેવાય પણ કોઇ ને કોઇ સ્વરૂપે ચક્ષુ સામે તરવરતી જણાય છે. આમાંથી બોધપાઠ લઇએ તો આપણા વહેવારના વહેણ જરૂર બદલાઈ જાય.

**—ચોકસી**

# મંત્રવિદ્યા ને ચમત્કાર (૩)

લે:—શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ

( ગતાંક પૃષ્ઠ ૨૭૭ થી શરૂ )

## માનસશાસ્ત્રની સિદ્ધિ—

માનસશાસ્ત્રજ્ઞો પોતાના વિષયમાં આગળ વધી રહ્યા છે અને નવા નવા સિદ્ધાંતો જગત આગળ ધરી રહ્યા છે. અમુક પ્રકારનો ભયંકર વિચાર મનમાં કેમ ઉત્પન્ન થાય છે ? તેને પોષક એવા કયા સંજોગો કામ કરે છે અને તેવા સંજોગો જો દૂર કરવામાં આવે તો કાંઇ ઇષ્ટ પરિણામ આવે કે કેમ ? એ બાબત અનેક પ્રયોગો થઇ રહેલા છે. વિદ્યાર્થીઓ અમુક વિષય પરત્વે સૂગ ધરાવે છે તે જ વિષય બીજા વિદ્યાર્થીઓને અનુકૂલ આવી જાય છે એની પાછળ કયા ચમત્કારો કામ કરે છે એ બાબતને અંગે પણ વિજ્ઞાન પ્રગતિ સાધી રહેલ છે, પણ એ સિદ્ધાંતો પૂર્વાચાર્યોએ અને યોગિયોએ કે કેવલજ્ઞાનીઓએ કયારના ઊકેલી મૂકેલા છે. એ વિચાર કરતાં આપણા ધ્યાનમાં આવી જશે કે—વિજ્ઞાનજન્ય અનેક ઘટનાઓનો સામાન્ય જનતા તરફથી દુરુપયોગ જ થવાનો સંભવ જણાવાથી તે ચમત્કારો જેવી જણાતી ઘટનાઓ ગુપ્ત રાખવામાં આવે એમાં ખોટું શું ? અને એ ઊકેલો આપણી બુદ્ધિને ગમ્ય ન થાય એમાં દોષ કોનો ?

## સૂક્ષ્મતર સૃષ્ટિ—

માનવસૃષ્ટિની પેઠે અદૃશ્ય એવી બીજી સૃષ્ટિ પણ અસ્તિત્વ ધરાવે એ વસ્તુ શાસ્ત્રસંમત છે. એક વખત વિજ્ઞાનવાદીઓના પ્રદેશમાં એક ફોટો લેવાયો તેમાં જે વ્યક્તિઓની પ્રતિમા લેવામાં આવી તેની પાછળ કેટલાએક દિવસો પહેલા મરી ગએલ વ્યક્તિની પ્રતિમા ફોટો પ્લેટમાં જોવામાં આવી. ત્યારે તે ફોટોગ્રાફરના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ ઘટના શું બતાવી આપે છે ? એ આત્માનું સ્થૂલ શરીર નષ્ટ થએલું હોવા છતાં તેણે પરમાણુ ભેગા કરી સ્થૂલ જેવું દેખાતું શરીર મેળવી તે ફોટોમાં છતું કરેલું હોવું જોઇએ. એ સિવાય એમાં બીજો ઉકેલ સંભવતો નથી. આ ઘટના પુસ્તકોમાં નોંધાએલી છે. એવી તો બીજી અનેક ઘટનાઓ વિજ્ઞાનવાદીઓએ મેળવી નોંધી રાખેલી છે અને તેના ઉકેલ માટે તેઓ પ્રયત્નશીલ છે. આવી ઘટનાઓ થાય છે અર્થાત્ એના ચમત્કારો દૃષ્ટિગોચર થાય છે તો પણ તેનો ઉકેલ વિજ્ઞાનદૃષ્ટિથી મળી શકતો નથી, માટે જ અનેક સંશયો અને વિસંવાદી કલ્પનાઓને માર્ગ મળી જાય છે. અને ગુંચ ઉકેલવામાં નિષ્ફળ ગએલ મનુષ્ય બીજા અનેક કારણો શોધી કાઢવાની મથામણમાં બધું ખોટું છે એમ માનવા લલચાય છે અને એ સ્વાભાવિક પણ છે, માટે જ અમારું આગ્રહપૂર્વક કહેવું છે કે, પોતાને જણાતા ચમત્કારો માટે અભિપ્રાય ઉચ્ચારતા પહેલા જરા સૂક્ષ્માવલોકન કરવું જોઇએ. તેમજ વિજ્ઞાન હજુ બાલ્યાવસ્થામાં છે એ સમજી લેવું જોઇએ. વિજ્ઞાન જો એમ ને એમ કાર્ય ચાલુ

રાખશે તો દીર્ઘ કાલ પછી નવા નવા ઉકેલો મેળવી શકશે અને આપણે કેટલા અપૂર્ણ છીએ એ એને સમજાશે !

## મંત્રવિદ્યા ગુપ્ત રાખવામાં જ શ્રેય—

સમાજને સુખેથી રહેવા માટે અન્નવસ્ત્ર ઉપરાંત પરસ્પર પ્રેમની લાગણી અને 'જીવો અને જીવવા દો' એ સિદ્ધાંત કબૂલ કરી તેને આચરણમાં મૂકાવો જોઈએ. એમાં જ્યારે ખામી આવે છે ત્યારે જ સંઘર્ષણ જન્મે છે. અને એટલા માટે જ વિજ્ઞાનને ખૂબ વધારી અજ્ઞ જનતાના હાથમાં મૂકવાથી અનર્થની પરંપરા જન્મે છે એ અનુભવસિદ્ધ છે, માટે જ મર્યાદિત સામગ્રી સાથે જ દરેકે પોતાનો જીવનનિર્વાહ ચલાવવો જોઇએ. બુદ્ધિજીવી વર્ગે શ્રમજીવીઓ સાથે પ્રેમભાવના કેળવી પરસ્પરને પૂરક થવું જોઈએ. અર્થાત્ લોભવૃત્તિને મર્યાદિત કરી જગતમાં વ્યવહાર ચલાવવો જોઈએ. એવો વ્યવહાર નહીં ચાલતો હોવાથી જ યુદ્ધો, મહાયુદ્ધો, વર્ગકલહો વિગેરે અનિચ્છનીય ઘટનાઓ બને છે. એ નહી બને એમ કરવું હોય તો વિજ્ઞાનને મર્યાદામાં મૂકવું જોઇએ. એ સામાન્ય જનતા માટે અયોગ્ય ગણી તેને ગુપ્ત રીતે જ્ઞાનીઓના હાથમાં જ રાખવું જોઇએ. એવા ઉદાર વિચારોથી હિંદના ધર્માચાર્યોએ ચમત્કારોનો વિજ્ઞાનદ્દષ્ટિથી ઉકેલ ગુપ્ત જ રાખેલો હોવો જોઇએ, અને અનુભવ પણ એવું જે શિક્ષણ આપે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે—ચમત્કારોને ચમત્કારોના જ રૂપમાં રાખવામાં જ્ઞાનીઓએ યુક્ત ધાર્યું હોવું જોઇએ. અને એટલા માટે જ આપણે મંત્રવિદ્યાને અને ચમત્કારોને ખોટું માનવા માંડ્યા અને તે લખનારાઓ માટે અનુદાર બુદ્ધિ જાગૃત થઇ. પણ આ બધું ખોટું થઈ રહ્યું છે એ આપણે ભૂલવું નહી જોઇએ.

## શરીરમાં રહેલા ચક્રો—

દરેક મનુષ્યના શરીરના અમુક ભાગમાં કેટલાએક કેંદ્રો હોય છે. તે દરેક કેંદ્રને યોગશાસ્ત્રમાં ચક્રો ગણવામાં આવે છે. અને એવા દરેક ચક્રને ઉત્તેજિત કરવાના મંત્રપ્રયોગો યોગિયોએ યોજેલા છે. તેવા પ્રયોગો કરવાથી યોગિયો અસાધારણ ચમત્કારો કરી શકે છે. એ ચમત્કારો જોયા પછી કોઇ જો તેને નિંદે તો તે નિંદકની જ ભૂલ છે. એવા ચમત્કારો કરવાથી યોગિઓ જો કાચા હોય તો તે મોહમાં પડ્યા વગર ન રહે. અને વ્યક્તિનું મહત્વ વધારી અન્ય નહીં કરવા લાયક કામો કરતા રહે અને એ રીતે પોતાનું અને તેમના સહવાસમાં આવતા બીજા લોકોનું પણ નુકસાન કરી બેસે એવો સંભવ જણાતા એવા પ્રયોગો નહી કરવા માટે જ્ઞાનીઓએ કેટલીએક યોજનાઓ પણ કરી મૂકી છે. મંત્રોમાંથી કેટલાએક ફકરાઓ કાઢી નાખ્યા છે. અને એવી રીતે હઠયોગને સ્થગિત કરી દીધો છે. જેઓ હઠયોગના પ્રયોગો કરે છે તેઓ એકાંતે અને કોઈપણ ન જાણે એવા સ્થાને કરે છે. તેમાં મળેલી સિદ્ધિઓનો તેઓ જનતા આગળ દેખાવ કરતા પણ નથી. જ્ઞાનીઓ બહુ જનસમાજ ઉપર અસાધારણ આપત્તિ આવી પડેલી હોય તેવા કોઈ વિરલ પ્રસંગે એવા મંત્રવિદ્યાના પ્રયોગો કરી જનતાને સુખસમાધાન નિપજાવી શકે છે.

એવા ઘણા દાખલાઓ નોંધાએલા છે. એ બધું ખોટું છે એમ કહેનારાઓ ભીંત ભૂલે છે. મંત્રોચ્ચાર ત્રિકરણ શુદ્ધિ સાથે થવાથી વાયુમંડળમાં વિલક્ષણ ચક્રો નિર્માણ થાય છે અને એથી અતિદૂર રહેલા પરમાણુઓ આકર્ષાઈ ઇચ્છિત ફળ આપી શકે છે. જડ અણુના વિચ્છેદથી જો અસાધારણ શક્તિઓનો આવિષ્કાર આધુનિક વિજ્ઞાનવાદીઓ કરી શકે છે તો અસાધારણ આત્મિક શક્તિ ધરાવનારા આત્માઓ સૂક્ષ્મતમ વાયુમંડળમાં ગતિચક્રો નિર્માણ કરી અપૂર્વ ચમત્કાર સર્જી શકે એમાં સંદેહ કરવા જેવું શું છે ? જ્ઞાનીઓને બધાઓનું હિત જોવાનું હોવાથી શક્તિઓનો દુરૂપયોગ અટકાવવાની જરૂર જણાવાથી તેઓએ કેટલાએક પ્રયોગો સ્થગિત કરી દીધેલા છે તેમાં તેમની વિશાલ દૃષ્ટિ અને સંપૂર્ણ કરુણાની ભાવના જોવામાં આવે છે. એ માટે જ ચમત્કારિક દેખાતા કથાનકો તરફ જરા ઊંડી દૃષ્ટિથી જોવાની જરૂર છે, એટલો જ મારો કહેવાનો હેતુ છે.

**શુદ્ધ ભાવનાના ચમત્કારો—**

તીર્થંકર ભગવાન્ જ્યાં વિચરે ત્યાં અમુક યોજન સુધી મારી મરકી ઉપદ્રવ ન થાય, વિરોધો શમી જાય અને બધું વાતાવરણ સુખદ થઇ જાય એ પણ એક ચમત્કાર છે. અને એ ચમત્કાર કેમ થાય છે એ પ્રશ્ન ઊભો રહે. વાસ્તવિકતાએ એ સૃષ્ટિનિયમ કરતા જુદી કોઇ વસ્તુ નથી. એમાં નિસર્ગના નિયમોનો ભંગ થયો છે એમ માનવાને જરા પણ કારણ જણાતું નથી. કારણ, આપણે જોઇએ છીએ કે કોઈ મહાન્ સંત, યોગી કે મહાત્મા પુરુષ પાસે જ્યારે આપણે જઇએ ત્યારે આપણી ભાવનાઓ સરલ અને નમ્ર થઇ જાય છે. કેટલાકો તો ઉલટાસુલટા વિચિત્ર અને આડાઅવળા જેવા પ્રશ્નો યોજી જાય છે પણ પ્રત્યક્ષમાં તેમાંના ઘણાખરા પ્રશ્નો ભૂલી જ જાય છે. રામકૃષ્ણ પરમહંસ જેવા યોગીઓ પાસે આવા બનાવો બનેલા છે. બીજા યોગિઓ પાસે એવા જ પ્રકાર બનેલા નોંધાએલા છે. એનો અર્થ એ જ થાય છે કે–મહાન્ પુરુષો પોતાની અખંડ વિચારધારાઓને શુદ્ધ આચારથી વાતાવરણમાં શાંતિ પાથરી શકે છે. અને ત્યાં વિરોધ ઉપશાંત થવાનો ગુણ ઉત્પન્ન કરે છે. એ મુદ્દાને આગળ વધારતા આપણે જોઇ શકીએ કે, તીર્થંકર જેવા સંપૂર્ણતા મેળવેલા પુરુષો અલૌકિક ભામંડળ અર્થાત્ વાયુમંડળ નિર્માણ કરી શકે અને વાયુમંડળ મોટું હોય અને ત્યાં ઉપદ્રવો તેમજ વિરોધો શમી જાય એમાં આશ્ચર્ય જેવું કાંઇ હોઇ જ ન શકે. એ તો સ્વાભાવિક ગુણોનો પરિપાક છે. આ મહાસિદ્ધિઓ એમના ચરણ પાસે આલોટે એમાં અવિશ્વાસ કરવા જેવું કાંઇ છે એવો વિચાર પણ આપણે કેમ કરી શકીએ ? માનવનો વિકાસ અનુક્રમે થતો રહે તેમાં અસાધારણ શાંતિ પ્રગટે ત્યારે ધીમે ધીમે પૂર્ણતા ઉત્પન્ન થાય અને તેના પરિણામ તરીકે સામાન્ય દૃષ્ટિને જણાતા ચમત્કારો જોવામાં આવે એ સ્વાભાવિક છે.

**ઉપસંહાર—**

આ લેખનો ઉદ્દેશ એટલો જ છે કે–મંત્રવિદ્યા માટે કેટલાએક આપણા નૂતન પદ્ધતિથી કેળવાએલા સુજ્ઞ પુરુષો વિરોધી અભિપ્રાય ધરાવતા થયા છે તેમની વિચારધારાને માર્ગસૂચન કરવું અને ચમત્કાર માટે તેઓના મનની થતી દ્વિધા સ્થિતિને નવું

卐卐卐卐卐卐卐卐卐卐

# પ્રશ્નસિંધુ

卐卐卐卐(૨૨)卐卐卐卐

લેખકઃ—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૪૯ થી શરૂ)

**૨૫૫—પ્રશ્ન—**ભવ્ય દ્રવ્યદેવનું આયુષ્ય કેટલું?

**ઉત્તર—**જઘન્યથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અને ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ જાણવું. યુગલિયાઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે. આ અપેક્ષાએ ભવ્ય દ્રવ્યદેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું કહ્યું છે.

**૨૫૬—પ્રશ્ન—**નરદેવનું આયુષ્ય કેટલું?

**ઉત્તર—**જઘન્ય (ઓછામાં ઓછું) આયુષ્ય ૭૦૦ વર્ષનું અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું જાણવું. આ ચોવીશીમાં થયેલા દૃષ્ટાંત તરીકે પહેલા ચક્રવર્ત્તી શ્રી ભરત મહારાજાનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું, ને બારમા ચક્રવર્ત્તી બ્રહ્મદત્તનું જઘન્ય આયુષ્ય ૭૦૦ વર્ષનું હતું. અહીં અવસર્પિણી કાલ હોવાથી ક્રમસર આયુષ્ય ઘટે અને ઉત્સર્પિણીમાં આયુષ્ય ક્રમસર વધે. એમ બીજા ચક્રવર્ત્તી રાજાઓની બાબતમાં પણ સમજવું.

**૨૫૭—પ્રશ્ન—**ધર્મદેવની સ્થિતિ કેટલી?

**ઉત્તર—**જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશે ઊણી (૮ વર્ષ ન્યૂન) ક્રોડ પૂર્વની જાણવી.

**૨૫૮—પ્રશ્ન—**દેવાધિદેવનું આયુષ્ય કેટલું?

**ઉત્તર—**જઘન્યથી ૭૨ વર્ષનું ને ઉત્કૃષ્ટથી ૮૪ લાખ પૂર્વોનું આયુષ્ય જાણવું. જેમ વર્ત્તમાન ચોવીશીમાં છેલ્લા તીર્થંકર ત્રિશલાનંદન પ્રભુશ્રી મહાવીરદેવનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું, ને પહેલા તીર્થંકર શ્રીઋષભદેવ ભગવંતનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું.

---

કાર્ય સૂચવવું એટલો જ છે. ગમે તેવા વિધાનોને મુંગે મોઢે સાચું જ માની લ્યો એવો અમારો આગ્રહ જરા પણ નથી. અને વિચારહીન બની અંધશ્રદ્ધા કેળવવાનો પણ અમારો ઇરાદો નથી. અમારો કહેવાનો ઉદ્દેશ એટલો જ છે કે જરા થોભી જાઓ અને આધુનિક વિજ્ઞાનના માર્ગે જ વિજ્ઞાનવાદીઓએ જ સ્પિરીચ્યુઆલીઝમ જેવા વિષયો ઉપરના લખેલા ગ્રંથો વાંચી જવા. થિઓસોફીકલ સોસાયટી તરફથી પ્રગટ થયેલા એ વિષય ઉપરના ગ્રંથો અવલોકવા, જેથી તેમના વિચારમાં ક્રાંતિ થશે એવી અમોને ખાત્રી છે. કેવળ ઉપલક વિચાર કરી બધું જ ખોટું અગર અમને જે માફક ન આવે તે ખોટું એવા ઉચ્છૃંખલ વિચારોથી બચવું એટલી જ અમારી નમ્ર વિનંતિ છે. વિચારોને રોકવાનો નહીં પણ તેને પરિણત કરવા પ્રયત્ન કરાવવાનો મારો ઉદ્દેશ છે. એટલું ધ્યાનમાં રાખી અમારા આ યત્કિંચિત્ વિચારો તરફ ધ્યાન આપવું એટલી જ મારી નમ્ર વિનંતિ છે. એકાદ સુવિચારી બંધુને પણ એથી માર્ગદર્શન મળશે તો મારો આ પરિશ્રમ સફળ થયો ગણીશ.

**૨૫૯—પ્રશ્ન**—ભાવદેવનું આયુષ્ય ( સ્થિતિ ) કેટલું ?

**ઉત્તર**—જઘન્ય આયુષ્ય ૧૦૦૦૦ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું જાણવું. ચાર પ્રકારના દેવોમાંના ભુવનપતિના ૨૦ ઇંદ્રો સિવાયના કેટલાએક અસુર કુમારાદિ દશે નિકાયના દેવ દેવીઓનું અને વ્યંતર દેવ દેવી આદિનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે, તેથી ઓછું આયુષ્ય કોઈ પણ દેવનું હોય જ નહિ. તમામ ઇંદ્રોનું આયુષ્ય તે તે સ્વસ્થાન( દેવલોક )ના નિયમ પ્રમાણે ઉત્કૃષ્ટ જ હોય, પણ જઘન્ય આયુષ્ય ઇંદ્રોનું ન હોય. તમામ દેવોમાં સૌથી ઊંચ કોટીના એકાવતારી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવાદિનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે. આ રીતે બંને પ્રકારના આયુષ્યની ઘટના સંક્ષેપમાં જાણવી.

**૨૬૦—પ્રશ્ન**—પૂર્વે જણાવેલા પાંચ પ્રકારના દેવોમાં કોને કોને અવશ્ય વૈક્રિય લબ્ધિ હોય જ.

**ઉત્તર**—નરદેવો( ચક્રવર્તી રાજાઓ )ને અને ભાવદેવને વૈક્રિય લબ્ધિ હોય જ. બાકીના ત્રણ પ્રકારના દેવોમાં તેવો નિયમ ન હોય, કારણ કે જેમ દ્રવ્યદેવમાં બધાને વૈક્રિય લબ્ધિ ન હોય, પણ હોય તો કોઇને હોય, તેમ ધર્મદેવમાં પણ શ્રી વિષ્ણુકુમારાદિ જેવા મહાપ્રભાવશાલી મુનિવરોને વૈક્રિય લબ્ધિ હોય, પણ બધા ધર્મદેવોમાં વૈક્રિય લબ્ધિ ન હોય. દેવાધિદેવમાં વૈક્રિય લબ્ધિથી પણ ચઢી જાય તેવી અનંતી શક્તિ હોય છે પણ તેમને ઉત્સુકતા ન હોય, તેથી તે વિકુર્વણા કરે નહિ. વળી લબ્ધિનો પ્રયોગ, એ પ્રમાદ સ્થાન છે. શ્રી દેવાધિદેવમાં પ્રમાદ નથી, તેથી વિકુર્વણા કરે નહિ. નરદેવ વૈક્રિય લબ્ધિથી પોતાના જેવાં કે બીજાના જેવાં ઇચ્છા મુજબ એકથી માંડીને અનેક રૂપો વિકુર્વી શકે. એ જ વૈક્રિય લબ્ધિના પ્રતાપે ભાવદેવ મરજી મુજબ વધારેમાં વધારે અસંખ્યાતા રૂપ વિકુર્વી શકે, એટલી શક્તિ ભાવદેવની હોય. અન્યત્ર કહ્યું છે કે—ભાવદેવ જઘન્યથી ૧-૨-૩ રૂપ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા રૂપ વિકુર્વે. જો કે તેમની અસંખ્યાતા રૂપ વિકુર્વી શકે તેવી શક્તિ છે પણ તેટલા રૂપ વિકુર્વે નહિ. મનુષ્ય વગેરેને જેવી વૈક્રિય લબ્ધિ હોય તેનાથી ચઢતા દરજ્જાની વૈક્રિય લબ્ધિ ભાવદેવને હોય.

**૨૬૧—પ્રશ્ન**—ભવ્ય દ્રવ્યદેવ મરણ પામી અનન્તર ભવે કઇ ગતિમાં જાય ?

**ઉત્તર**—ભવ્ય દ્રવ્યદેવ મરણ પામી અનન્તર ભવે દેવગતિમાં જ જાય, જો બીજી ગતિમાં જાય, તો તો દ્રવ્ય દેવ કહેવાય જ નહિ. કારણ કે જેણે દેવાયુષ્ય બાંધ્યું હોય, તેવા જ મનુષ્ય તિર્યંચો ભવ્ય દ્રવ્ય દેવ કહેવાય. તેઓ તો દેવાયુષ્ય બાંધેલ હોવાથી દેવગતિમાં જ જાય.

**૨૬૨—પ્રશ્ન**—ભવ્ય દ્રવ્યદેવ જો દેવલોકમાં જાય તો તે ભુવનપતિ આદિ દેવોના કયા સ્થાને જાય ?

**ઉત્તર**—સામાન્ય નિયમ પ્રમાણે એમ કહી શકાય કે મોક્ષમાર્ગના આરાધક જીવો દેવલોકમાં જાય તો વૈમાનિક દેવપણું જ પામે. એમાં પણ આરાધનાની તરતમતાને આધીન વૈમાનિક દેવપણાની તરતમતા સમજવી. તે સિવાયના જીવો ભુવનપતિ આદિ સ્થલે દેવપણું પામે.

# યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક

( ૩ )

લેખક—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા. M. B. B. S.

( ગતાંક પૃષ્ઠ ૨૮૫ થી શરૂ )

## યોગઅવંચક એટલે ?

આ અવચંક એટલે શું ? તેની વ્યાખ્યા ઉપર કહી છે તે પ્રમાણે વંચક નહિં તે અવંચક, વંચે નહિં, છેતરે નહિં, ઠગે નહિં તે અવંચક. જે કદી ખાલી ન જાય, ચૂકે નહિં એવો અમોઘ, અચૂક, અવિસંવાદી, રામબાણ તે અવંચક. યોગ એવો કે કદી વંચે નહિં, ચૂકે નહિં, ખાલી જાય નહિં, તે **યોગાવંચક.** આ યોગાવંચક બાણના લક્ષ્ય તાકવા બરાબર છે. બાણની લક્ષ્ય ક્રિયામાં પ્રથમ પગથિયું લક્ષ્યને-નિશાનને બરાબર તાકવું ( Aiming ) તે છે. તે લક્ષ્ય બરાબર તાકયા પછી જ બીજી નિશાન વિંધવાની ક્રિયા બને છે તેમ આ સમસ્ત યોગ-ક્રિયારૂપ રાધાવેધમાં પણ પ્રથમ પગથિયું સાધ્યરૂપ લક્ષ્યને-નિશાનને સુનિશ્ચિત કરી બરાબર તાકવું તે છે. આ સાધ્ય લક્ષ્યની સાથે યોગ થવો-જોડાણ થવું, તેનું નામ જ યોગાવંચક છે. અને તે પરમ નિશ્ચયરૂપ સાધ્ય લક્ષ્ય તો 'સ્વરૂપ' જ છે, એટલે સ્વરૂપ લક્ષ્યને અનુલક્ષીને કરવામાં આવેલો યોગ તે યોગાવંચક છે.

> "નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
> નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."
>
> શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત આત્મસિદ્ધિ.

## સાક્ષાત્ સત્સ્વરૂપ—

તો પછી અત્રે સત્પુરુષના તથાદર્શનરૂપ યોગ પર આટલો બધો ભાર મૂકવાનું શું કારણ ? કારણ એટલું જ કે—સત્પુરુષ મૂર્તિમંત પ્રગટ સતસ્વરૂપ છે, સાક્ષાત્-પ્રત્યક્ષ મૂર્તિમંત સતસ્વરૂપનો યોગ પામેલ પ્રગટ '**યોગી**' છે, સાક્ષાત સહજાત્મસ્વરૂપ પ્રભુ છે. એટલે આવા સાક્ષાત યોગી સતપુરુષના જ્વલંત આદર્શ-દર્શનથી ન ભૂંસાય એવી ચમત્કારિક છાપ મુમુક્ષુ આત્મામાં પડે છે; જેથી એકાંત સ્વરૂપલક્ષી સત્પુરુષનું પરમ અદ્‌ભુત આત્મચારિત્ર દેખી, તેનો આત્મા સહેજે સ્વરૂપ લક્ષ્ય ભણી ઢળે છે. વાચાલ વક્તાઓના લાખો ઉપદેશો જે બોધ નથી કરી શકતા, તે એક સત્પુરુષનો જીવતોજાગતો દાખલો કરી શકે છે. આમ યોગી સત્પુરુષના તથાદર્શનથી જીવનું લક્ષ્ય એક સાધ્યસ્વરૂપ નિશાન પ્રતિ કેંદ્રિત થાય છે, અને પછી તેની બધી પ્રવૃત્તિ તે **સ્વરૂપલક્ષી** જ હોય છે. તેટલા માટે સ્વરૂપનો સાક્ષાત્ લક્ષ્ય કરાવનાર સત્પુરુષના યોગને યોગાવંચક કહ્યો છે.

**યોગાવંચકથી જીવનપલટો.**

આ સત્પુરુષના યોગથી પ્રાપ્ત થતો **યોગાવંચક યોગ** જીવનું આખું જીવન-ચક્ર બદલાવી નાંખે છે. પ્રથમ જે જીવનું સમસ્ત આચરણ સંસારાર્થે થતું હતું તે હવે સ્વરૂપલક્ષી થયા પછી કેવળ આત્માર્થે જ થાય છે. પ્રથમ જે જીવની સમસ્ત ક્રિયા–પ્રવૃત્તિ આત્મબાધક થઇને પ્રવર્ત્તતી હતી, તે હવે આત્મસાધક થઇને પ્રવર્ત્તે છે. પ્રથમ જે સહુ સાધન બંધનરૂપ નીવડતા હતા તે હવે સત્ય સાધન-રૂપ થઈ પડે છે. પ્રથમ જે સ્વરૂપલક્ષ વિના ષટ્કારક ચક્ર આત્મવિમુખપણે ઊલટું ચાલતું હતું, તે હવે આત્મસન્મુખપણે સુલટું ચાલે છે. પ્રથમ જે આત્માની બધી ચાલ અવળી ચાલતી હતી તે હવે સવળી ચાલે છે. પ્રથમ જે જીવના સમસ્ત યોગ–ક્રિયાદિ સ્વરૂપ લક્ષને ચૂકી વાંકાચૂંકા ચાલતા હોઇ, ' વંક-ગામી ' હોઇ, વંચક થઇને પ્રવર્ત્તતા હતા, તે હવે સ્વરૂપ લક્ષ્યને સાંધી સરલ ચાલી, ' અવંકગામી ' થઇ, અવંચક થઇને પ્રવર્તે છે, આવો ચમત્કારિક ફેરફાર આ જીવનમાં થઈ જાય છે. **સકલ જોગજીવનરૂપ** આ **યોગાવંચક** જ્યારે જીવને પ્રાપ્ત થાય છે, ત્યારે જ તેનું ખરેખરૂં ' **જોગી જીવન** ' શરૂ થાય છે.

**સદ્ગુરુયોગે અવંચક—**

આમ અનાદિ કાળથી **શ્રીમદ્** સદ્ગુરુના યોગ વિના જીવના સર્વ યોગ-સાધક **વંચક** નીવડ્યા છે, પણ શ્રી સદ્ગુરુનો યોગ થતાં તે સર્વ યોગ **અવંચક** થઈ પડે છે. આવો અદ્ભુત મહિમા આ **યોગાવંચક યોગનો** છે. આ સત્પુરુષ-ના સ્વરૂપદર્શનરૂપ આ યોગાવંચક નામની **યોગસંજીવની** પ્રાપ્ત થતાં જીવનું આખું યોગચક્ર ચાલુ થઇ જાય છે. જેમ હાથો ફેરવતાં આખું ચક્ર ચાલવા માંડે છે, તેથી આ યોગાવંચકરૂપ હાથો ફેરવતાં આખું યોગચક્ર ચાલવા માંડે છે, માટે સત્પુરુષના સ્વરૂપની ઓળખાણ થવી એ મોટામાં મોટી વાત છે. તે થયે જીવની યોગ–ગાડી સરેડે ચડી–પાટા પર ચઢી સાચી દિશામાં સડેડાટ પ્રયાણ કરે છે. સત્પુરુષ સદ્ગુરુનો તથાદર્શનરૂપ યોગ થયે જ આત્માનું નિજ કાર્ય સિદ્ધ થાય છે, અને પ્રેમઘન એવો અમૃત રસ પ્રાપ્ત થાય છે. આ અંગે **શ્રીમદ્ રાજ-ચંદ્રજી**ના ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

" સત છે તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવલ વ્યતિરિક્ત( જૂદું ) છે; કલ્પના-થી પર ( આઘે ) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દઢ મતિ થઇ છે, તેણે પોતે કંઇ જ જાણતો નથી, એવો દઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી ' સત 'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. "

**શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૧૮૧

" જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણીવાર થઇ ગયો છે, તથાપિ આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્ત્તવ્ય

# સમારંભનું મહત્વ

વિ. સં. ૨૦૦૩ ના ભાદરવા શુદ ૧૩-૧૪ તા. ૨૮-૨૯ સપ્ટેમ્બરના રોજ શ્રી યશોવિજય ગ્રંથમાળા તરફથી શહેર ભાવનગરમાં શ્રી વિજયધર્મસૂરિ-રજત જયંતી-મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો, અને તે પ્રસંગે પંડિત શ્રી સુખલાલજીને શ્રેષ્ઠ કૃતિ માટે પ્રથમ "શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય ચંદ્રક" સમર્પણ કરવામાં આવ્યો હતો. સુવર્ણ ચંદ્રક સમર્પણ વિધિનો મેળાવડો રા. શ્રી. છોટાલાલ ત્રિકમલાલ પારેખ બી. એ. એલ.એલ. બી. ના પ્રમુખપણા નીચે એ. વી. સ્કૂલના વ્યાખ્યાન હોલમાં કરવામાં આવ્યો હતો, જે પ્રસંગે પ્રો. મોદી વિગેરે વિદ્વાન ગૃહસ્થોએ પંડિતજીના ઊંડા તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને પરિશીલનની પ્રશંસા કરી હતી. પોતાના આખા જીવન દરમ્યાન આવું માનપાન કોઈવાર સ્વીકારેલ નથી, ઘણે પ્રસંગે પોતે ચોખ્ખી ના પાડેલ છે, છતાં આ પ્રસંગે પોતે કેમ હા પાડી તે સમજી શકતા નથી એવું ગદ્‌ગદ્ કંઠે પંડિતજીએ જણાવી, ચંદ્રક સ્વીકારી તે ચંદ્રક "જૈન સંસ્કૃતિ સંશોધક મંડળ-બનારસ"ને ભેટ આપવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો હતો. આ પ્રસંગને માટે પોતે તૈયાર કરેલ એક વિદ્વત્તાભર્યું અને સ્વાનુભવભરેલ વક્તવ્ય વંચાવ્યું હતું, જેનો કેટલોક અગત્યનો ભાગ આ માસિકમાં આપવામાં આવ્યો છે.

બીજા દિવસે તા. ૨૯ નો પ્રોગ્રામ શ્રી નટરાજ થીએટરમાં સવારમાં રાખવામાં આવ્યો હતો, જેમાં પ્રમુખસ્થાન મુનિશ્રી કલ્યાણચંદ્રજીને આપવામાં આવ્યું હતું, જેમાં પંડિત સુખલાલજીએ શ્રી વિજયધર્મસૂરિજીનો ધર્મ અને તેના અભ્યાસ માટેનો પ્રેમ, વિદ્યા માટેનો વ્યાસંગ, વિદ્યા પ્રાપ્ત કરવાની અને કરાવવાની અહર્નિશ પ્રવૃત્તિ, તેના સાધનો બનારસ પાઠશાળા જેવા ઊભા કરવાની સતત મહેનત, બહારના જૈનેતર વિદ્વાનો સાથેનો સંપર્ક-વિગેરે બાબતો ઉપર મનનીય ભાષણ કર્યું હતું અને સૂરિજીએ વિદ્યા-પ્રચાર કરવાનું જે કાર્ય આરંભ્યું હતું તેનું સિંચન કરી વિકસાવવાની સૌ શ્રોતાઓને આગ્રહથી અપીલ કરી હતી.

---

છે, એમ જીવને આવ્યું નથી, અને તે જ કારણ જીવને પરિભ્રમણનું છે, એમ અમને તો દૃઢ રીતે લાગે છે.

જ્ઞાની પુરુષનું ઓળખાણ નહિં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ:—(૧) એક તો હું જાણું છું, હું સમજું છું એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન. (૨) બીજું, પરિગ્રહાદિકને વિષે જ્ઞાની પુરુષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ. (૩) ત્રીજું, લોકભયને લીધે, અપકીર્તિ ભયને લીધે અને અપમાન ભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે વિનયાન્વિત થવું જોઇએ તેવું ન થવું." **શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૩૪૨

આમ સંક્ષેપમાં યોગાવંચકનું સ્વરૂપ કહ્યું. હવે ક્રિયાવંચકનું સ્વરૂપ લક્ષણ વિચારીએ. ( ચાલુ )

તા. ૨૮ ના રાતના સંગીતનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો અને તા. ૨૯ ના બપોરના મોટા દેરાસરજીમાં પ્રભુપૂજા રાખવામાં આવી હતી.

આ લેખનો ઉદ્દેશ આખા મહોત્સવનો હેવાલ આપવાનો નથી, પણ આ મહોત્સવના સમારંભથી મારા મન ઉપર શું છાપ પડી તે બતાવવા પૂરતો છે.

સમારંભના દરેક કાર્યમાં ભાવનગરના યુવકો, વૃદ્ધો, સ્ત્રીઓ અને કુમારિકાઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. વ્યાખ્યાન હોલ અને થીએટર ભરાઈ ગયા હતા અને પૂર્ણ શાંતિથી બધા વક્તવ્યો સાંભળવામાં આવ્યા હતા. ભાવનગરમાં સ્ત્રી અને પુરુષોને આવા વ્યાખ્યાનો સાંભળવાની વૃત્તિ છે અને સમાજ તેમજ ધર્મના ક્ષેત્રમાં નૂતન દિશાને જાણવા જોવાની ઇચ્છા છે એવું પ્રતીત થતું હતું. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને આમંત્રણ આપ્યા છતાં રૂઢિચુસ્તોના દબાણથી ભાવનગરમાં અધિવેશન ન ભરી શકાણું, તે વખતે ભાવનગરના પ્રગતિશીલ તત્ત્વને આઘાત થયેલો જોવામાં આવતો હતો, અને યુવક માનસ દબાઇ ગયું જણાતું હતું, તે માનસ સચેતન હોવાનું આ પ્રસંગોમાં જોવામાં આવ્યું હતું.

બીજું ભાવનગરમાં જૈન કોન્ફરન્સ જેવું કોઇ મોટું ફંકશન–કાર્ય કરવાનો નિરધાર કરવામાં આવે અને યુવકો અને અનુભવી વૃદ્ધો સહકારમાં કામ કરવાનું માથે લે તો ઘણી સફલતાથી કાર્ય પાર પાડી શકે તેવી વ્યવસ્થા અને શિસ્ત શક્તિ આ પ્રસંગે તાદશ્ય જણાતા હતા.

ત્રીજું ભાવનગર શહેર જૈન સમાજના મહત્વના કાર્ય માટે યોગ્ય સ્થળ છે. અહીં રાજ્યની જોઇએ તેવી મદદ મળી શકે છે, મોટા વ્યાખ્યાન હોલો કે થીએટરો મળી શકે છે, રહેવા અને ઉતરવા માટે જોઇએ તેવા મકાનોની સગવડતા છે, એટલે સ્થળ તરીકે પણ ભાવનગર પસંદ કરવા જેવું છે. સંવત ૧૯૬૪ માં શ્રી જૈન કોન્ફરંસનું જે ભવ્ય અધિવેશન ભાવનગરમાં થયું હતું, તે હજુ અમારા સ્મરણ પટ ઉપર તાજું રહ્યું છે. હાલની રાજકીય અશાંતિ અને રેશન વિગેરેની હાડમારીઓમાં આવો મોટો સમારંભ શકય નથી, પણ તેની ભાવના તો અવશ્ય ભાવનગરના અગ્રણીઓ અને યુવકોએ રાખવાની છે.

તા. ૩૦ ના રોજ સવારમાં પંડિતજી તથા રા. રા. છોટાલાલભાઇ ( જેઓ આ સભાના જૂના અને અગ્રગણ્ય સભાસદ છે ) અને અન્ય મહેમાનો તથા સભાના મેંબરોને આપણી સભાના મકાનમાં બોલાવવામાં આવ્યા હતા, જેમાં પંડિતજીના અગાધ જ્ઞાન, સત્યપ્રિયતા, સંશોધન વૃત્તિ અને સમન્વય શક્તિનું દર્શન થયું હતું. બપોરના સ્ત્રીઓ માટે એક મેળાવડો શ્રી જૈન આત્માનંદ સભાના શેઠ ભોગીલાલ હોલમાં યોજવામાં આવ્યો હતો, જેમાં સ્ત્રીઓને જાણવા અને વિચારવા જેવી ઘણી બાબતો પંડિતજીએ સમજાવી હતી. તે વખતે શ્રી આત્માનંદ સભા તરફથી પણ પંડિતજી અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આવા મેળાવડાની ઉપયોગિતા એ છે કે તેથી સમાજમાં જાગ્રતિ અને ચેતન આવે છે.

શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

## પુસ્તક ૬૩ મું

### સંવત ૨૦૦૩ ના કાર્તિકથી આસો વદિ ૦)) સુધીની બાર માસની

## વાર્ષિક અનુક્રમણિકા.

### ૧. પદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | નવીન વર્ષની ભાવના ને પ્રકાશ | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૩ |
| ૨ | જૈન ધર્મ પ્રકાશ ચિરંજીવ રહો | ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) | ૪ |
| ૩ | श्री जैन धर्म प्रकाश | ( રાજમલ ભંડારી ) | ૫ |
| ૪ | જ્ઞાનની પરખ | ( અમરચંદ માવજીભાઈ શાહ ) | ૬ |
| ૫ | आशीर्मंगलम् | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૨૪ |
| ૬ | શ્રી નેમિજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૨૯ |
| ૭ | मंगल की कामना | ( રાજમલ ભંડારી ) | ૩૦ |
| ૮ | શ્રી કુલ્પાકમંડન શ્રી માણિક્યપ્રભુ ( શ્રી ઋષભદેવ ) તીર્થોત્પત્તિ સ્તવન | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૩૧ |
| ૯ | સંત મુનીશ્વરોને સંબોધન | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૩૨ |
| ૧૦ | શ્રી પદ્મપ્રભસ્વામીનું સ્તવન | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૬૯ |
| ૧૧ | શ્રી જિનેંદ્ર સ્તવન સુમન | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૭૦ |
| ૧૨ | શ્રી સંવર ભાવના | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૭૧ |
| ૧૩ | સદ્‌ગતને સ્મરણાંજલિ | (અમરચંદ માવજીભાઈ શાહ) | ટા.પે.૪ (માહ) |
| ૧૪ | શ્રી પાર્શ્વજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૯૩ |
| ૧૫ | પ્રભુ નામકા જાપ | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૯૪ |
| ૧૬ | पुन्य वानी | ( રાજમલ ભંડારી ) | ૯૫ |
| ૧૭ | શ્રી નેમિનાથ પ્રભુ સ્તવન | ( મુનિરાજશ્રી શિવાનંદવિજયજી ) | ૯૫ |
| ૧૮ | સ્વાર્થનો સાગર | (અમરચંદ માવજીભાઈ શાહ) | ટા.પે.૩ (ફાગણ) |
| ૧૯ | શ્રી સિદ્ધચક્રનું સ્તવન | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૧૨૧ |
| ૨૦ | વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૨૨ |
| ૨૧ | સુભિક્ખુ યાને આદર્શ શ્રમણ | ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૧૨૪ |
| ૨૨ | प्रभु वीरने अधर्म मिटाया | ( રાજમલ ભંડારી ) | ૧૨૫ |
| ૨૩ | ભગવાન મહાવીરની જીવનયાત્રા | ( અમરચંદ માવજીભાઈ શાહ ) | ૧૨૬ |

| | | |
|---|---|---|
| ૨૪ ધર્મ ભાવના | ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) | ૧૪૮ |
| ૨૫ શ્રી કેસરીયા પ્રભુનું સ્તવન | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૧૪૯ |
| ૨૬ મિથ્યાત્વનું સ્વરૂપ | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૫૦ |
| ૨૭ નિવૃત્તિના પંથે પ્રવૃત્તિ | ( અમરચંદ માવજીભાઇ શાહ ) | ૧૫૧ |
| ૨૮ राजराजेश्वर | ( રાજમલ ભંડારી ) | ૧૫૨ |
| ૨૯ શ્રી તારંગા તીર્થાધિરાજ સ્તવન | ( મુનિરાજશ્રી વિનયવિજયજી ) | ૧૭૭ |
| ૩૦ વૈરાગ્ય-બોધ | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૭૮ |
| ૩૧ सताने मैं सुख न मानो | ( રાજમલ ભંડારી ) | ૧૭૯ |
| ૩૨ ચેતશો ક્યારે ! | ( અમરચંદ માવજીભાઇ શાહ ) | ૧૮૦ |
| ૩૩ શ્રી સંભવનાથ જિન સ્તવન | ( મુનિરાજશ્રી જયાનંદવિજયજી ) | ૧૮૦ |
| ૩૪ सत्संग | ( રાજમલ ભંડારી ) | ૧૮૬ |
| ૩૫ માતર તીર્થમંડન શ્રી સુમતિજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૨૦૫ |
| ૩૬ બાર માસ, બાર વ્રત અને ચોવીશ તીર્થંકરગર્ભિત ગરબો | ( કવિ ભવાનભાઇ જેચંદભાઇ ) | ૨૦૬ |
| ૩૭ चिद्रूप आतमराम है | ( રાજમલ ભંડારી ) | ૨૦૭ |
| ૩૮ વૈરાગ્ય બોધ | ( મુનિરાજશ્રી વિનયવિજયજી ) | ૨૦૮ |
| ૩૯ પર્યુષણા મહાપર્વ-આરાધન | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૨૩૫ |
| ૪૦ ભગવાન મહાવીરની નિષ્કામ કરુણા | ( અમરચંદ માવજીભાઇ શાહ ) | ૨૩૬ |
| ૪૧ स्वतंत्रता का संक्रान्तिकाल | ( રાજમલ ભંડારી ) | ૨૩૭ |
| ૪૨ વંદે વીરમ્ ( પ્રાર્થના ) | ( મુનિરાજશ્રી કીર્તિવિજયજી ) | ૨૪૯ |
| ૪૩ મંગલ | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૨૫૬ |
| ૪૪ શ્રી સિદ્ધગિરિમંડન આદીશ્વર પ્રભુનું સ્તવન | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૨૬૧ |
| ૪૫ સંવેગ ભાવના | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૨૬૨ |
| ૪૬ आत्म का उद्देश्य | ( રાજમલ ભંડારી ) | ૨૬૩ |
| ૪૭ મુક્તિનો સ્વયંવર | ( અમરચંદ માવજીભાઇ શાહ ) | ૨૬૪ |
| ૪૮ શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન | ( આ. શ્રી. વિજયપદ્મસૂરિજી ) | ૨૮૯ |
| ૪૯ श्री सिद्धचक्र ही कलिकाल में कल्पवृक्ष है। | ( રાજમલ ભંડારી ) | ૨૯૦ |
| ૫૦ હિતોપદેશક પદ | (કવિ ભવાનભાઇ જેચંદભાઇ ) | ૨૯૧ |
| ૫૧ શ્રી મહાવીર જિન સ્તવન | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૨૯૫ |


## ૨. ગદ્ય વિભાગ.


| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ અષ્ટમંગલ | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૧ |
| ૨ નૂતન વર્ષ | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૭ |
| ૩ પ્રભુ સ્વરૂપ | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૨ |

૪ ઉપયોગી જીવન (ચતુર્ભુજ જેચંદભાઇ શાહ) ૧૭
૫ બંધનમાં જ મુક્તિ (શ્રી બાલચંદ હીરાચંદ) ૧૯
૬ શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન ૨૧, ૨૨
(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S. ૨૧, ૧૧૪
૭ અધ્યાત્મ શ્રીપાલચરિત્ર ૧-૭ (મોહનલાલ દીપચંદ ચોકસી)
૨૫, ૬૨, ૮૧, ૧૧૧, ૧૬૭, ૧૯૧, ૩૦૦
૮ ન્યાયખંડખાદ્યમ્: ૭, ૮ (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૩૩, ૭૬
૯ નિશ્ચય ને વ્યવહાર (મુનિરાજશ્રી ધુરંધરવિજયજી) ૩૮
૧૦ જૈન વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત (ચતુર્ભુજ જેચંદભાઇ શાહ) ૩૯
૧૧ પ્રશ્નસિંધુ ૨૧, ૨૨ (આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી) ૪૬,૩૦૭
૧૨ પ્રભુ પ્રત્યક્ષ છે (આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી) ૫૦
૧૩ શ્રી ભીમપલ્લી (ભીલડીયાજી) તીર્થ (મુનિરાજશ્રી ન્યાયવિજયજી–ત્રિપુટી) ૫૪
૧૪ વ્યવહાર કૌશલ્ય: ૪ [૨૫૩–૨૫૪–૨૫૫–૨૫૬] (મૌક્તિક) ૫૬
,, ૪ [૨૫૭–૨૫૮–૨૫૯–૨૬૦] ,, ૧૦૪
,, ૪ [૨૬૧–૨૬૨–૨૬૩–૨૬૪] ,, ૧૮૭
,, ૩ [૨૬૫–૨૬૬–૨૬૭] ,, ૨૭૧
૧૫ પ્રશ્નોત્તર [પ્રશ્નકાર દેવચંદ કરશનજી શેઠ–રાધનપુર] (સ્વ. શ્રી કુંવરજીભાઈ) ૬૦
,, ,, ,, ૧૦૮
૧૬ પ્રાચીન ઋષિઓ (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૬૫
૧૭ ભોગમીમાંસા (આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી) ૭૨, ૯૬
૧૮ સુભાષિતરત્નમંજૂષા (સ્વ. કુંવરજીભાઈ) ૮૦
૧૯ पारसी भाषा की जैन रचनायें (અગરચંદજી નાહટા) ૮૪
૨૦ પ્રથમ અંગનું પરિમાણ (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૮૭
૨૧ દેહપ્રમાણજીવમીમાંસા (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૦૧
૨૨ चारित्र और विचार (રાજમલ ભંડારી) ૧૧૬
૨૩ આત્મજ્ઞાનની ઉપયોગિતા (મુનિરાજશ્રી પ્રિયંકરવિજયજી) ૧૧૮
૨૪ સ્વીકાર ને સમાલોચના ... ... ... ૧૧૯, ૨૮૬
૨૫ 'મહાવીર' નામ શાથી પડયું (મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી) ૧૨૭
૨૬ શ્રી મહાવીરનું શાસન–એક આદર્શ
લોકશાસનતંત્ર (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૧૩૧
૨૭ પ્રભુ મહાવીર ને રાજા શ્રેણિક (આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી) ૧૩૫
,, (ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ) ૨૧૮
,, (શ્રી જાદવજી તુલસીદાસ શાહ) ૨૨૩
૨૮ બહુસાલ ઉદ્યાનમાં શ્રી મહાવીર (મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૯

૨૯ ધર્મમાં સમ્યગ્જ્ઞાનની જરૂરિયાત ( ચતુર્ભુજ જેચંદભાઇ શાહ ) ૧૪૨
૩૦ વ્યાયામ ને આત્મરક્ષણની જરૂરિયાત ... ... ... ૧૪૬
૩૧ પ્રભુદર્શન ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૧૫૩
૩૨ સમુદ્રતીરે ચર્ચા ( મૌક્તિક ) ૧૫૬, ૨૯૬
૩૩ જગત્પિતા જગડુશાહ અને અનુકંપાદાન ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) ૧૬૨
૩૪ યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક
( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S. ) ૧૭૧, ૨૦૧, ૨૮૨, ૩૦૯
૩૫ આત્મા દેહવ્યાપી શા માટે ? ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૧૮૧
૩૬ ધર્માધર્મવ્યવસ્થા ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) ૧૮૪
૩૭ हमारा चूर्णि साहित्य ( અગરચંદજી નાહટા ) ૧૯૪
૩૮ સાત નયની દૃષ્ટાન્તરૂપે ઘટના ( સં. પા. મુનિરાજશ્રી પુણ્યવિજયજી ) ૧૯૮
૩૯ સત્કાર્યવાદ ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૨૦૯, ૨૬૫
૪૦ માનસશાસ્ત્ર અને ધર્મ
Psychology & Religion ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૧૪
૪૧ મંત્રવિદ્યા ને ચમત્કાર ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૨૨૬, ૨૭૪, ૩૦૪
૪૨ રાષ્ટ્રધ્વજ ને ધર્મચક્ર ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૩૩
૪૩ પર્યુષણા પર્વને સાર્થક કરવાની ચાવી ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) ૨૩૮
૪૪ સ્ત્રી-ઉચ્ચ શિક્ષણ ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૪૦
૪૫ પજુસણ પર્વ એ આત્મપર્વ છે. ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૨૪૪
૪૬ જંગમતીર્થ—શ્રી મહાવીર ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૪૬
૪૭ સાધકની સાધના-પર્વપુંગવ પર્યુષણા ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨૫૦
૪૮ પર્યુષણા પર્વ કઇ રીતે ઉજવશો ? ( મુનિરાજશ્રી ન્યાયવિજયજી ) ૨૫૫
૪૯ મારી મુસાફરી ( દ્વિરેફ ) ૨૬૯
૫૦ ક્રોધાદિક કષાયોના પર્યાયો અને ક્રમો ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૨૭૮
૫૧ ક્ષમાપના ૨૮૮
૫૨ પંડિત સુખલાલજીનું પ્રવચન ... ... ... ... ૨૯૨
૫૩ વિશ્વશાંતિનો સંદેશ ... ... ... ... ... ૨૯૯
૫૪ સમારંભનું મહત્ત્વ ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૩૧૧


## ૩. પ્રકીર્ણ.


૧ સભા સમાચાર............... ૨૭, ૬૪, ૯૨, વૈ. ટા. પે. ૨, ૨૫૭
૨ અપીલ વૈશાખ સિવાય દરેક અંકના ટાઇટલ પેજ પર
૩ નોંધ ૨૨૯


પેટા વિભાગ ગણતાં કુલ લેખ ૧૩૨

## અપીલ

ગતાંકમાં જણાવી ગયા બાદ "શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ"માં નીચે પ્રમાણે સહાયની રકમ મળી છે, જે સાભાર સ્વીકારીએ છીએ. ગત વર્ષ કરતાં આ વર્ષે સહાયની રકમ વિશેષ મળી નથી જ્યારે માસિકના ખર્ચમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે ઊલટો વધારે વ્યય થયો છે. "પ્રકાશ"ના વાચકો અને પ્રશંસકો તરફથી, અમે વધારે સહાયની આશા રાખીએ છીએ, "પ્રકાશ"ની કિંમત રૂા. ચાર પડવા જાય છે જ્યારે તે માત્ર રૂા. દોઢના લવાજમથી આપવામાં આવે છે, તો આશા છે કે–જે જે ગ્રાહકોએ, વાચકોએ અને પ્રશંસકોએ પોતાનો ફાળો ન મોકલ્યો હોય તેઓ સારી રીતે મોકલી આપી "પ્રકાશ"ને આવતા નવા વર્ષથી ચિંતામાંથી મુક્ત કરે.

| | | |
|---|---|---|
| ૭૦૦।।। | અગાઉ સ્વીકારાયેલ. | |
| ૫) | શાહ ચંદુલાલ હરજીવન | ખાનપુર |
| ૩) | શાહ જયન્તીલાલ લહેરચંદ | મુંબઈ |
| ૨) | શાહ ગુલાબચંદ માણેકચંદ | ભરૂચ |
| ૭૧૦।।। | | |

## ખેદકારક સ્વર્ગવાસ.

જાણીતા જૈન ઝવેરી મોહનલાલ હેમચંદભાઇનો ૮૩ વર્ષની વૃદ્ધવયે ભાદરવા વદિ ૩ ને શુક્રવારના રોજ મુંબઈખાતે સ્વર્ગવાસ થયો છે.

સદ્દગતની સૌરભ સમાજમાં ઘણી જ સારી રીતે જાણીતી છે. આપબળે આગળ વધી તેઓએ પુષ્કળ લક્ષ્મી સંપાદન કરી તેમજ તેનો સદ્વ્યય પણ કરી જાણ્યો. સદ્દગત જાહેર સખાવતો કરતાં ગુપ્તદાનમાં અતિ શ્રેય સમજેલા અને તે રીતે તેમનો ગુપ્ત દાનપ્રવાહ વહેતો જ રહેલો.

ફક્ત વ્યવસાય જ તેમને પ્રિય હતો તેટલું જ નહિ પણ ધાર્મિક તેમજ રાષ્ટ્રીય સેવાભાવના તેમનામાં અહોનિશ જાગૃત રહેતી. ઇ. સ. ૧૯૩૨ માં તેમણે પોતાનું મકાન કોંગ્રેસ ફ્રી હોસ્પીટલ કરવા માટે આપ્યું હતું. ધાર્મિક ખાતાઓમાં તેમની સલાહ અને પ્રેરણા કિંમતી મનાતી.

તેઓ શેઠ પ્રેમચંદ રાયચંદ ચેરીટી ટ્રસ્ટમાં સલાહકાર, શ્રી જૈન એસોસીએશન ઓફ ઇંડિયા, શ્રી શાંતિનાથ જૈન દેરાસર તથા વિદ્યાશાળા, શ્રી ગોડીપાર્શ્વનાથ જિનાલય અને મોહનલાલજી જૈન સેંટ્રલ લાઇબ્રેરીના મેનેજીંગ ટ્રસ્ટી હતા. આ ઉપરાંત તેમની સમાજોન્નતિ માટેની ભાવના ઘણી જ પ્રશંસનીય હતી.

તેઓ આપણી સભાના ખરેખરા પ્રશંસક તેમજ હિતસ્વી હતા. ઘણાય વર્ષોથી સભાના લાઇફ મેમ્બર હતા અને વારંવાર સભાના કાર્ય માટે સૂચનાઓ મોકલતા. આવા લાયક સભાસદના સ્વર્ગવાસથી સભાને એક શુભચિંતક સભ્યની ખામી પડી છે. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના સુપુત્રો શ્રી મણિલાલભાઇ, ચીમનલાલભાઇ, કલ્યાણભાઇ, લાલભાઇ, રમણલાલભાઇ તથા રસિકલાલભાઇ વિગેરે આપ્તવર્ગને અંતઃકરણપૂર્વક દિલાસો આપીએ છીએ.

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

O-P-SH
W-C

## પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

' ભરતેસરબાહુબલિ 'ની સજ્ઝાય તે રાઇ પ્રતિક્રમણમાં હમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૯૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ડેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર

---

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ-પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩-૪-૦
૨ બીજો ભાગ-પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ-પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧-૮-૦
૪ ચોથો ભાગ-પર્વ ૮-૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩-૦-૦
૫ પાંચમો ભાગ-પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨-૮-૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઇ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

# નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંઘયણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહદ્ સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ સાધ્વી આવશ્યક ક્રિયાના સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો--શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.